

RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
Volume : 18
Issue : 001
Dt.: 09-09-2025, Tuesday
Page : 04
Rs.00.50 paisa
EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

### ૧૯ના મોત, ઉપદ્રવીઓને ગોળી મારવાનો આદેશ

# નેપાળમાં સોશિયલ મીડિયા પ્રતિબંધ મુદ્દે યુવાનોનું આંદોલન બન્યું હિંસક

## સેંકડો યુવાનો નેપાળની સંસદમાં ઘૂસી ગયા : તેમને રોકવા પોલીસે ટીયર ગેસના શેલ છોડ્યા અને ગોળીબાર કર્યો : કાઠમંડુમાં કર્ફ્યુ લાદવામાં આવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)કાઠમંડ,

નેપાળની રાજધાની કાઠમંડુમાં આજે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પ્રતિબંધનો વિરોધ કરતાં મોટાપાયે Gen-Z દેખાવો થયા હતા. હજારોની સંખ્યામાં Gen-Z યુવાનો અને યુવતીઓ રસ્તા પર ઉતર્યા હતા. તેઓ સરકાર દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લાદવામાં આવેલા પ્રતિબંધને પાછો ખેંચવાની માગ સાથે સંસદ ભવનમાં ઘૂસી ગયા હતા. આંદોલનકારીઓનું આ આંદોલન ઉગ્ર ન બને તે હેતુ સાથે વહીવટીતંત્રે વિસ્તારમાં કરફ્યુનો આદેશ આપ્યો હતો પરંતુ સ્થિતિ વણસતાં યુવાનો સંસદમાં ઘૂસ્યા જેના પગલે સુરક્ષાદળોએ તેમને રોકવાના પ્રયાસ રૂપે ફાયરિંગ કર્યું તો મામલો બીચક્યો. જેમાં ૧૯ વિદ્યાર્થીના મોત, જ્યારે ૨૦૦થી વધુ ઈજાગ્રસ્ત થયા હતા.

નેપાળની ઓલી સરકારે ફેસબુક, યુટ્યુબ, ઈન્સ્ટાગ્રામ, અને ઠ સહિત વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પ્રતિબંધ લાદવાનો નિર્ણય લીધા બાદ મોટાપાયે આંદોલનકારીઓ યીહ-ઢ આંદોલન સાથે રસ્તા પર ઉતરી આવ્યા છે.

નેપાળમાં Gen Z આંદોલન ઉગ્ર બન્યું છે. નેપાળની સરકારે આંદોલનકારીઓને જોતાં જ ગોળી મારવાનો આદેશ આપ્યો છે. નેપાળના પીએમએ પોલીસ અને સુરક્ષા દળોને આંદોલનકારીઓને જોતાં જ ગોળી મારવાનો આદેશ આપ્યા બાદ ઈમરજન્સી બેઠક બોલાવી છે. આંદોલનકારીઓએ સંસદનો દરવાજો તોડી નાખ્યો હતો. બાદમાં આંગ ચાંપી હતી. પોલીસ અને દેખાવકારો વચ્ચે અથડામણ હિંસક બનતાં ગોળીબાર કરવામાં આવ્યો હતો. જેમાં ૨૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. કાઠમંડુની હોસ્પિટલ ઈજાગ્રસ્તોથી ફૂલ થઈ છે. જેમાં ઘણા



વિદ્યાર્થીઓને ગંભીર ઈજા થઈ હોવાથી મોતનો આંકડો વધવાની ભીતિ છે. એશિયા આઈસીસીએ નેપાળ પોલીસ અને દળોની કુમળા વિદ્યાર્થીઓ પર કરવામાં આવેલી કાર્યવાહીનો વિરોધ કર્યો છે. તેણે સોશિયલ મીડિયા પોસ્ટ પર જણાવ્યું હતું કે, નેપાળ પોલીસ અને સુરક્ષા દળોએ ભ્રષ્ટાચાર વિરૂદ્ધ આંદોલન કરી રહેલા શાળાના ગણવેશમાં સજ્જ વિદ્યાર્થીઓ પર ગોળીબાર કર્યો છે. બાળકો પર આ પ્રકારનો હુમલો નિંદાજનક છે. નેપાળ પોલીસ અને સુરક્ષા દળોના આ પગલાંની વિશ્વભરના માનવાધિકાર સંગઠનો ટીકા કરે છે.

દસ હજારથી વધુ યીહ ઢ યુવાનોએ કાઠમંડુ, પોખરા, બુટવલ, ધારણ, ગોરાહી સહિતના શહેરોમાં વિરોધ રેલી યોજી હતી. તેઓ સુત્રોચ્ચાર કરી રહ્યા હતા કે, અમે આંદોલન કર્યું છે, અમે ભ્રષ્ટાચાર વિરૂદ્ધ લડીશું. હજારોની સંખ્યામાં યુવાનોના ટોળા રસ્તા પર ઉતરી આવતા નેપાળી આર્મી તૈનાત કરવામાં આવી છે. કાયદો અને વ્યવસ્થા જળવાઈ તે હેતુ સાથે કાઠમંડુ સહિત અમુક વિસ્તારોમાં કરફ્યુનો અમલ કરવામાં આવ્યો છે.

કાઠમંડુના વિવિધ શહેરોમાં વડાપ્રધાન કેપી શર્મા ઓલી સરકાર વિરૂદ્ધ Gen-Z રિવોલ્યૂશન શરૂ થયુ છે. મૈતીઘર, કાઠમંડુ, અને અન્ય ટોચના શહેરોમાંથી હજારોની સંખ્યામાં યુવાનો ભ્રષ્ટાચાર અને સરકારના સોશિયલ મીડિયા પર અંકુશનો વિરોધ કરતાં રેલી યોજી રહ્યા છે. તેઓએ સરકાર પર નાગરિકોની આઝાદી છીનવી લેવાનો આરોપ મૂકતાં સુત્રોચ્ચાર કર્યા છે. આંદોલનકારીઓ મોટી સંખ્યામાં સુત્રોચ્ચાર કરતાં સંસદ ભવનમાં ઘૂસી ગયા હતા. પોલીસે પરિસ્થિતિ પર કાબૂ મેળવવા ટિયર ગેસના શેલ છોડ્યા હતા. આ વિરોધ પ્રદર્શન દરમિયાન સરકારે કલાકો સુધી ફોન અને ઈન્ટરનેટ સેવાઓ સ્થગિત કરી હતી. ઉલ્લેખનીય છે, વડાપ્રધાન ઓલી સરકારે ચાર સપ્ટેમ્બરથી ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, વોટ્સએપ, યુટ્યૂબ, રેડિટ, ઠ સહિત ૨૬ સોશિયલ મીડિયા એપ્સ પર પ્રતિબંધ લાદવાની જાહેરાત કરી હતી. જેનો યીહ-ઢ દ્વારા મોટાપાયે વિરોધ થઈ રહ્યો છે. ૧૯૯૫ બાદ જન્મેલા Gen Z ૧૮થી ૩૦ વર્ષ સુધીના યુવાનો ઈન્ટરનેટ અને ટેક્નોલોજી સાથે મોટા થયા છે. તેઓ ડિજિટલ નાગરિકો છે. જેઓ વૈશ્વિક ગતિવિધિઓ, ન્યાય અને સમાનતા માટેની જરૂરિયાતો પ્રત્યે સભાન છે. તેઓ નેપાળમાં શિક્ષિત લાયકાત ધરાવતા હોવા છતાં બેરોજગારીથી પીડાઈ રહ્યા છે. દાયકાઓથી તેમના માતા-પિતાએ સહન કરેલી નિરાશા, ગરીબીનો વિરોધ કરી રહ્યા છે. તેઓ સરકાર વિરૂદ્ધ અવાજ ઉઠાવી રહ્યા છે. કારણકે, રાજકારણીઓના પરિવાર વૈભવી જીવનનો આનંદ માણી રહ્યા છે. જ્યારે સામાન્ય યુવાનો કામની શોધમાં ભટકી રહ્યા છે. આ અસમાનતા દૂર કરવા સોશિયલ મીડિયા પર મોટાપાયે વિરોધ થઈ રહ્યો છે. સરકારની સોશિયલ મીડિયા પ્રતિબંધની કવાયત સોશિયલ મીડિયા પર ચાલી રહેલા આ આંદોલનને જ બંધ કરવા માગતી હોવાનો આક્ષેપ છે. આ આંદોલન ફક્ત સોશિયલ મીડિયા પ્રતિબંધ સામે વિરોધ દર્શાવતું નથી. તે દાયકાઓથી ચાલતા ભ્રષ્ટાચાર, અસમાન તકો અને નિષ્ફળ શાસન સામે લાંબા સમયથી દબાયેલા અવાજનો વિરોધ છે.

### દૂધ અને દૂધના ઉત્પાદનોના ભાવ ટૂંક સમયમાં ઘટશે

# દૂધના ભાવમાં મોટી રાહત, અમૂલ અને મધર ડેરીનું દૂધ થશે સસ્તું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

દરેક ઘરમાં વપરાતા દૂધના ભાવ ટૂંક સમયમાં ઘટવાના છે. સરકારે તાજેતરમાં GST કાઉન્સિલની બેઠકમાં નિર્ણય લીધો છે કે પેકેજ્ડ દૂધને ૫% જીએસટીમાંથી મુક્તિ આપવામાં આવશે. આ નિર્ણય લાગુ થતાં જ દેશની સૌથી મોટી દૂધ ઉત્પાદક બ્રાન્ડ અમૂલ અને મધર ડેરીના દૂધના ભાવમાં તાત્કાલિક રાહત મળશે. GSTની આ મુક્તિનો સીધો ફાયદો સામાન્ય ગ્રાહકોને થશે કારણ કે દૂધ પરનો ૫% કર દૂર કરવામાં આવશે. આ પગલાનો ઉદ્દેશ્ય વધતી જતી મોંઘવારી વચ્ચે દૂધ જેવી આવશ્યક વસ્તુને વધુ સસ્તું બનાવવાનો છે જેથી દરેક પરિવારને સસ્તું અને ગુણવત્તાયુક્ત દૂધ મળી શકે. અમૂલ ઉત્પાદનોમાં ફુલ ક્રીમ દૂધ અમૂલ ગોલ્ડ ની કિંમત લગભગ રૂપિયા ૬૯ પ્રતિ લિટર છે, જ્યારે ટોન્ડ દૂધ રૂપિયા ૫૭ પ્રતિ લિટરમાં વેચાય છે. તેવી જ રીતે, મધર ડેરીનું ફુલ ક્રીમ દૂધ રૂપિયા ૬૯ અને ટોન્ડ દૂધ લગભગ રૂપિયા ૫૭માં મળે છે. ભેંસ અને ગાયના દૂધના ભાવ પણ રૂપિયા ૫૦-૭૫ની વચ્ચે છે. સરકારની યોજના મુજબ, દૂધના ભાવમાં પ્રતિ લિટર લગભગ રૂપિયા ૩ થી રૂપિયા ૪નો ઘટાડો થશે. ઉદાહરણ તરીકે, અમૂલ ગોલ્ડનો ભાવ લગભગ રૂપિયા ૬૫-૬૬ સુધી ઘટી જશે, જ્યારે મધર ડેરીના ફુલ ક્રીમ દૂધના ભાવ પણ આ જ રેન્જમાં આવવાની ધારણા છે. ટોન્ડ દૂધ અને ભેંસના દૂધ પર પણ આવી જ રાહત જોવા મળશે.

<u>ક્યા પ્રકારનું દૂધ સસ્તું થશે ?</u>

અમૂલ ગોલ્ડ (ફુલ ક્રીમ) – રૂપિયા ૬૯ થી ૬૫-૬૬

અમૂલ ફ્રેશ (ટોન્ડ મિલ્ક) – રૂપિયા ૫૭ થી ૫૪-૫૫

અમૂલ ટી સ્પેશિયલ – રૂપિયા ૬૩ થી ૫૯-૬૦

ભેંસનું દૂધ – રૂપિયા ૭૫ થી ૭૧-૭૨

ગાયનું દૂધ – રૂપિયા ૫૮ થી ૫૫-૫૭

મધર ડેરી ફુલ ક્રીમ – રૂપિયા ૬૯ થી ૬૫-૬૬

મધર ડેરી ટોન્ડ મિલ્ક – રૂપિયા ૫૭ થી ૫૫-૫૬

મધર ડેરી ભેંસનું દૂધ – રૂપિયા ૭૪ થી ૭૧

મધર ડેરી ગાયનું દૂધ – રૂપિયા ૫૯ થી ૫૬-૫૭

# યુરોપિયન અધિકારીઓનું પ્રતિનિધિ મંડળ નવી દિલ્હીની મુલાકાત લેશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

અમેરિકા દ્વારા ભારત પર લગાવવામાં આવેલા ૨૫ ટકા ટેક્સ સહિત, રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા માટે દંડ તરીકે ૨૫ ટકા વધારાનો ટેરિફ લગાવવામાં આવ્યો છે. આને કારણે, કુલ ટેરિફ ૫૦ ટકા સુધી પહોંચી ગયો છે.

ભારત પર લગાવવામાં આવેલા હાઈ ટેરિફને કારણે યુએસ બજારમાં ભારતીય નિકાસકારો માટે સ્પર્ધા ખૂબ જ કઠિન બની ગઈ છે. એટલે કે, વિયેતનામ કે બાંગ્લાદેશ અને પાકિસ્તાનના નિકાસકારો સામે ભારતનું ટકી રહેવું મુશ્કેલ બની રહ્યું છે.ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે મહત્વાકાંક્ષી ફ્રી ટ્રેડ કરાર માટે પ્રયાસો વધુ તીવ્ર બની ગયા છે અને તમામ બાકી રહેલા મતભેદોને ઉકેલવા માટે આવતા મહિને બે મહત્વપૂર્ણ બેઠકોનું આયોજન કરવામાં આવ્યું છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, યુરોપિયન અધિકારીઓનું એક પ્રતિનિધિમંડળ આ અઠવાડિયે નવી દિલ્હીની મુલાકાત લેવાનું છે. જ્યાં તેઓ બજાર ઍક્સેસ, કૃષિ ઉત્પાદનો પર કસ્ટમ ડ્યુટી અને ખાસ કરીને દારૂ અને ડેરી પરના મતભેદ મુદ્દાઓ પર ચર્ચા કરી શકે છે.

આ પગલું એવા સમયે લેવામાં આવી રહ્યું છે, જ્યારે ભારત અમેરિકાના ઊંચા ટેરિફના દબાણ હેઠળ છે અને યુએસ ભારત પર વધારાની કસ્ટમ ડ્યુટી લાદવા માટે યુરોપિયન યુનિયન પર સતત દબાણ કરી રહ્યું છે.

ખરેખર બંને પક્ષો આ વર્ષના અંત સુધીમાં વાતચીત પૂર્ણ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. કારણ કે ટ્રમ્પ ટેરિફની અસરને કારણે, સરકાર નવા બજારો શોધી રહ્યું છે.

યુરોપિયન યુનિયન ભારતનો મુખ્ય વેપારી ભાગીદાર છે અને બંને દેશો વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર ૨૦૨૩-૨૪માં લગભગ ૧૩૫ બિલિયન ડોલરના આંકડાને સ્પર્શી ગયો છે.

એવું માનવામાં આવે છે કે યુરોપિયન યુનિયન ૧૭ સપ્ટેમ્બરે ભારત માટે તેના નવા વિઝનની બ્લુપ્રિન્ટ રજૂ કરશે અને આવતા મહિનાની શરૂઆતમાં યોજાનારી કોન્ફરન્સમાં તેની ઔપચારિક જાહેરાત કરી શકે છે.

### SIR ને લઈને સુપ્રીમ કોર્ટનો મોટો આદેશ

# આધાર કાર્ડને ૧૨મા દસ્તાવેજ તરીકે માન્યતા આપવાનો આદેશ

## મતદાર યાદીમાં મતદારનો સમાવેશ કે બાકાત કરવા માટે વ્યક્તિની ઓળખ તરીકે પણ આધાર કાર્ડને ધ્યાનમાં લેવામાં આવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

બિહાર ચૂંટણી પહેલા સુપ્રીમ કોર્ટે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પર મોટો આદેશ આપ્યો છે. કોર્ટે આધાર કાર્ડને ૧૨મા દસ્તાવેજ તરીકે માન્યતા આપવાનો આદેશ આપ્યો છે.

આનાથી બિહારના લાખો મતદારોને ફાયદો થશે, જેઓ મતદાર ઓળખપત્ર અને આધાર કાર્ડને ઓળખ ન હોવાને કારણે મતદાર યાદીમાં પોતાનું નામ ઉમેરવા માટે પોતાના જૂના દસ્તાવેજો બતાવી શક્યા ન હતા. સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને તેના અધિકારીઓને આધાર કાર્ડને ૧૨મા દસ્તાવેજ તરીકે સ્વીકારવા સૂચનાઓ જાહેર કરવા જણાવ્યું છે.

બિહાર જીંઈ પર સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, જીંઈ પ્રક્રિયામાં મતદારોને સામેલ કરવા માટે ઓળખના હેતુ માટે આધાર કાર્ડને ૧૨મા દસ્તાવેજ તરીકે ગણવામાં આવશે. અધિકારીઓને આધાર કાર્ડની પ્રામાણિકતા અને વાસ્તવિકતાની પુષ્ટિ કરવાનો અધિકાર રહેશે. તેને નાગરિકતાના પુરાવા તરીકે સ્વીકારવામાં આવશે નહીં.

સુપ્રીમ કોર્ટે બિહારમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)માં મતદાર ઓળખ માટે આધારને દસ્તાવેજ તરીકે સ્વીકારવા પર વિચાર કરવા ચૂંટણી પંચને કહ્યું, અને સ્પષ્ટ કર્યું કે, તે કોઈ નાગરિકતાનો પુરાવો નથી. ચૂંટણી પંચે સુનાવણી દરમિયાન જણાવ્યું કે, "૭.૨૪ કરોડમાંથી ૯૯.૬ ટકા લોકોએ દસ્તાવેજો સબમિટ કરી દીધા છે. આ અગાઉના આદેશમાં, ૬૫ લાખ લોકો માટે આધારને મંજૂરી આપવામાં આવી હતી. "

જસ્ટિસ સૂર્યકાંતે કહ્યું કે, કોઈ પણ ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓને મંજૂરી આપવાનું આપી રહ્યા નથી, અમે જાણીએ છીએ કે, આધાર ઓળખનો પુરાવો છે, નાગરિકતાનો નહીં. ધારો કે તે બારમો દસ્તાવેજ છે, તો તેમાં શું સમસ્યા છે? સુપ્રીમ કોર્ટે કહ્યું કે, સુધારેલી મતદાર યાદી પ્રક્રિયામાં સમાવિષ્ટ અથવા બાકાત કરાયેલા લોકોની ઓળખ સ્થાપિત કરવાના હેતુથી, આધાર અધિનિયમ ૨૦૧૬ હેઠળ જાહેર કરાયેલ આધાર કાર્ડ સ્વીકારવામાં આવશે અને તેને ૧૨મો દસ્તાવેજ માનવામાં આવશે. જોકે, અધિકારીઓ રજૂ કરેલા કાર્ડની સત્યતા ચકાસી શકે છે અને આધાર કાર્ડને નાગરિકતાના પુરાવા તરીકે ગણવામાં આવશે નહીં.

આ અગાઉ, અરજદારોએ કહ્યું હતું કે, પેરા લીગલ સ્વયંસેવકોની નિમણૂક કરવાની હતી, પરંતુ તેમની નિમણૂક કરવામાં આવી ન હતી. ચૂંટણી પંચના વકીલ રાકેશ દ્વિવેદીએ કહ્યું હતું કે, તેઓ ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓ માટે આ ઈચ્છે છે.

ન્યાયાધીશ સૂર્યકાંતે કહ્યું હતું કે, કોઈ પણ ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓને મતદાર યાદીમાં સામેલ કરવા માંગતું નથી. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, બિહારના ૯૯.૬% નાગરિકોએ પહેલાથી જ ૧૧ સૂચિબદ્ધ દસ્તાવેજોમાંથી એક સબમિટ કરી દીધું છે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, ૭.૨૪ કરોડમાંથી ૯૯.૬ ટકા લોકોએ દસ્તાવેજો સબમિટ કરી દીધા છે. આ અગાઉના આદેશમાં ૬૫ લાખ લોકોને આધાર કાર્ડની મંજૂરી આપવામાં આવી હતી. હવે તેમના માટે કોઈ પણ અરજદારે એ વાત તરફ ધ્યાન દોર્યું નથી કે, મોટી સંખ્યામાં લોકોને ખોટી રીતે બાકાત રાખવામાં આવ્યા છે.

## ૫ રાજ્યોમાં NIAના દરોડા, ૨૨ ઠેકાણે સર્ચ ઓપરેશન

જમ્મુ, તા.૮

જમ્મુ અને કાશ્મીરમાં સોમવારે (આઠમી સપ્ટેમ્બર) વહેલી સવારે નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA)એ અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા. આ સાથે દેશના પાંચ રાજ્યોના લગભગ ૨૨ સ્થળો પર NIAએ દરોડા પાડ્યા છે. આ સમગ્ર મામલો આંતરિક સુરક્ષા સાથે સંબંધિત હોવાનું સામે આવ્યું છે.

અહેવાલો અનુસાર, સોમવારે સવારે NIAની એક ટીમે બારામુલ્લા જિલ્લાના પટ્ટન શહેરના જંગમ ગામમાં પણ દરોડા પાડ્યા હતા. અહીં ટીમે સંબંધિત તપાસના ભાગ રૂપે ઉમર રશીદ લોનના ઘરે દરોડા પાડ્યા હતા. હાલમાં સમગ્ર મામલે NIA તરફથી કોઈ નિવેદન આવ્યું નથી. NIAની આ કાર્યવાહી એવા સમયે આવી છે, જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી નવમી સપ્ટેમ્બરે જમ્મુ અને કાશ્મીરની મુલાકાત લઈ શકે છે. તે અહીં પૂર પછીની પરિસ્થિતિનો તાગ મેળવી શકે છે. જો કે, તેમની જમ્મુ મુલાકાતની હજુ સુધી સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

આતંકી ષડયંત્ર મામલે NIA ટીમે જમ્મુ અને કાશ્મીર સહિત ૫ રાજ્યોમાં એક સાથે ૨૨ સ્થળોએ દરોડા પાડ્યા છે. ઢ્ઢંછના અધિકારીઓએ જણાવ્યું હતું કે આતંકી ષડયંત્ર મામલે આ દરોડા પાડવામાં આવ્યા છે. જમ્મુ અને કાશ્મીરના બારામુલ્લા, કુલગામ, અનંતનાગ અને પુલવામા જિલ્લામાં દરોડા પાડવામાં આવી રહ્યા છે. આ દરોડા દરમિયાન અહીંથી ઘણાં ઈલેક્ટ્રોનિક ઉપકરણો, શંકાસ્પદ નાણાકીય દસ્તાવેજો અને અન્ય કાગળો પણ મળી આવ્યા હતા.



## તંત્રી લેખ......

# દર્દીઓને મોટી રાહત, કેન્દ્ર સરકારે ૪૨ દવાની રિટેલ કિંમત ફિક્સ કરી

કેન્દ્ર સરકારે ૪૨ સામાન્ય દવાઓના રિટેલ ભાવ જાહેર કર્યા છે. આ દવાઓમાં બ્રોડ-સ્પેક્ટ્રમ એન્ટિબાયોટિક અને ઈપ્કા લેબોરેટ્રીઝ પણ સામેલ છે. આ દવાઓનો ઉપયોગ સામાન્ય રીતે અંગોના ટ્રાન્સપ્લાન્ટ બાદ ઓર્ગન રિજેક્શન રોકવા માટે કરવામાં આવે છે. મેરોપેનમ અને સુલબૈક્ટમ ઈંજેક્શનની રિટેલ કિમત પ્રત્યેક બોટલ આશરે રૂપિયા ૧૯૩૮ છે. આ ઉપરાંત માઈકોફેનોલેટ મોફેટિલની કિમત પ્રતિ ટેબલેટ ૧૩૧.૫૮ રૂપિયા છે.

બેક્ટેરિયાના સંક્રમણની સારવાર માટે ઉપયોગમાં લેવાતી એબોટ હેલ્થકેરની ક્લેરિથ્રોમાઈસિન એક્સટેંડેડ રિલીઝ ટેબલેટની કિમત હવે ૭૧.૭૧ રૂપિયા પ્રતિ ટેબલેટ છે. આ વર્ષે જ ફેબ્રુઆરી મહિનામાં નેશનલ ફાર્માસિયુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી કે જે દવાઓના ભાવ પર કન્ટ્રોલ ધરાવે છે તેણે ઉત્પાદકોને આદેશ આપ્યો હતો કે તેઓ ડીલર્સ, સ્ટેટ ડ્રગ કન્ટ્રોલર, રાજ્ય સરકારને ભાવની યાદી જાહેર કરે. એવામાં તાજેતરમાં સરકાર દ્વારા ૪૨ એવી દવાઓના ભાવ ફિક્સ કરી નાખ્યા છે કે જેનો ઉપયોગ સામાન્ય સારવાર માટે થતો હોય છે. ખાસ કરીને ટ્રાન્સપ્લાન્ટના કેસોમાં જ્યારે દર્દીના કોઈ અંગનું ટ્રાન્સપ્લાન્ટ કરી દેવામાં આવે છે તે બાદ ટ્રાન્સપ્લાન્ટ કરાયેલ અંગને શરીર જોડવામાં મુશ્કેલી અનુભવી રહ્યું હોય તેવી સ્થિતિમાં તેનો સામનો કરવા માટે જે દવાઓનો ઉપયોગ કરાય છે તેનો પણ સમાવેશ આ ૪૨ દવાઓમાં થાય છે. આ દવાઓનો ફિક્સ કરાયેલો ભાવ લોકોને વંચાય તે રીતે છાપવાનો રહેશે. અગાઉ એનપીપીએએ પોતાના આદેશમાં કહ્યું હતું કે તમામ રિટેલર્સ અને ડીલરે ભાવની યાદી અને સપ્લિમેન્ટરી ભાવની યાદી (જો હોય તો) યોગ્ય સ્થળે લોકોને વંચાય તે રીતે લગાવવાની રહેશે.

મુખ્યમંત્રી ભગવંત માને ખેડૂતો માટે કરી મોટી જાહેરાત

# રાજ્યના ખેડૂતોને હવે ૨૦,૦૦૦ રૂપિયા પ્રતિ એકરના હિસાબથી વળતર આપવામાં આવશે

## સીએમ માન હોસ્પિટલમાં દાખલ છે, પણ અહીંથી તેમણે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કેબિનેટની બેઠકમાં ભાગ લીધો

(સંપૂર્ણ સમાચાર સેવા)ચંડીગઢ,

પૂરથી બરબાદ થયેલા પાકનું દર્દ વેઠી રહેલા પંજાબના ખેડૂતો માટે મુખ્યમંત્રી ભગવંત માને સોમવારે મોટી જાહેરાત કરી છે. પંજાબ કેબિનેટે નિર્ણય લીધો છે કે રાજ્યના ખેડૂતોને હવે ૨૦,૦૦૦ રૂપિયા પ્રતિ એકરના હિસાબથી વળતર આપવામાં આવશે. આ વળતરની રકમ દેશભરના ખેડૂતોને મળતી સૌથી વધારે મદદ માનવામાં આવી રહી છે. સીએમ માન છેલ્લા ત્રણ દિવસથી હોસ્પિટલમાં દાખલ છે, પણ અહીંથી તેમણે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કેબિનેટની બેઠકમાં ભાગ લીધો અને ખેડૂતોના રાહત પેકેજને મંજૂરી આપી. તેમણે કહ્યું કે, પંજાબ સરકાર દરેક સંજોગોમાં ખેડૂતો સાથે ઊભી છે.

બેઠકમાં વધુ એક મહત્ત્વના નિર્ણયને મંજૂરી આપી છે. જે અંતર્ગત જેની ખેતર, તેની રેતી યોજનાને લીલીઝંડી આપી છે. હવે જે ખેતરમાં પૂર દરમિયાન રેતી જમા થઈ છે, ત્યાંનો માલિકીનો હક ખેડૂતોને જ મળશે. એટલે કે ખેડૂતો તે રેતીને વેચીને આવક મેળવી શકશે.

સરકારનો દાવો છે કે આ નિર્ણયથી ખેડૂતોને ડબલ ફાયદો થશે. એક તરફ ખેતર સાફ થશે અને બીજી તરફ તેમને આર્થિક મદદ મળશે.

મુખ્યમંત્રી માને કેબિનેટ બેઠક બાદ વિસ્તારથી રાહત પેકેજની જાણકારી આપી. તેમણે કહ્યું કે, પૂરથી થયેલી તબાહીને જોતા પંજાબ સરકારે ખેડૂતો, ઢોર અને સામાન્ય લોકો માટે કેટલાય પગલાં ઉઠાવ્યા છે.

- ખેતરમાંથી માટી-રેતી ઉપાડવાની મંજૂરી- પૂરમાં આવેલી રેતને ખેડૂતો વેચી શકશે
- ૨૦ હજાર રૂપિયા પ્રતિ એકર વળતર- પાકના નુકસાનનું વળતર સીધા ચેક દ્વારા આપવામાં આવશે
- ૪ લાખ રૂપિયાનું વળતર- પૂરમાં જીવ ગુમાવનારા પરિવારને મળશે
- ઘર પડવાનો સર્વે- જેમના ઘર તૂટ્યા છે, તેમને આર્થિક મદદ આપવામાં આવશે
- દેવા પર રાહત- સરકારી સોસાયટી અને સરકારી બેંકોમાંથી લીધેલી લોન પર ૬ મહિના સુધી હપ્તા ચૂકવવાના નથી. વ્યાજ પણ માફ.
- ઢોર માટે વળતર- જેમના ઢોર પૂરમાં મરી ગયા છે, તેમને મદદ આપવામાં આવશે
- રસીકરણ અભિયાન- ઢોરમાં બીમારી ન ફેલાય, તેના માટે સરકાર રસીકરણ કરાવશે
- ફોગિંગ અને મેડિકલ કેમ્પ- શહેરો અને ગામડામાં સફાઈ, ફોગિંગ મશીનો અને લોકો માટે નજીકમાં સ્વાસ્થ્ય કેમ્પ લગાવવામાં આવશે.
- શાળા અને સરકારી ઈમારતોનો સર્વે- પૂરમાં નુકસાન થયેલી ઈમારતોને રિપેર કરશે

તેલંગાણાના મુખ્યમંત્રી સામેની અરજી ફગાવી

# બદનક્ષી કેસમાં સુપ્રીમ કોર્ટે ભાજપની અરજી ફગાવી

## ચીફ જસ્ટિસની અધ્યક્ષતાવાળી બેન્ચે કહ્યું કે, સુપ્રીમ કોર્ટને રાજકીય લડાઈ લડવાનું મંચ બનાવવું ન જોઈએ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટે તેલંગાણાના મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડી સામેની અરજી ફગાવી દીધી છે, જેમાં ૨૦૨૪ની લોકસભા ચૂંટણી દરમિયાન અનામત પર ભાજપ વિરુદ્ધ કરેલી ટિપ્પણીઓને કારણે તેમની સામે થયેલા કેસને રદ કરવાના હાઈકોર્ટના નિર્ણયને પડકારવામાં આવ્યો હતો. ચીફ જસ્ટિસની અધ્યક્ષતાવાળી બેન્ચે સોમવારે આ કેસને ફગાવી દેતાં કહ્યું કે, સુપ્રીમ કોર્ટને રાજકીય લડાઈ લડવાનું મંચ બનાવવું ન જોઈએ. જો તમે રાજકારણી છો, તો તમારે આવી બધી બાબતો સહન કરવા માટે જાડી ચામડી રાખવી જોઈએ. ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) બી.આર. ગવઈ, જસ્ટિસ કે. વિનોદ ચંદ્રન અને જસ્ટિસ અતુલ એસ. ચંદુરકરની બેન્ચે કહ્યું કે, અમે આ મામલામાં દખલ કરવા માટે ઈચ્છુક નથી. અમે વારંવાર કહી રહ્યા છીએ કે આ કોર્ટનો ઉપયોગ રાજકીય લડાઈ માટે ન કરો. અરજી ફગાવી દેવામાં આવે છે. જો તમે રાજકારણી છો, તો તમારે જાડી ચામડી રાખવી જોઈએ.

ભાજપની તેલંગાણા શાખાએ મે ૨૦૨૪માં રેડ્ડી વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી હતી. જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે તેમણે પાર્ટી વિરુદ્ધ અપમાનજનક અને ઉશ્કેરણીજનક ભાષણ આપ્યું હતું. દાવો કરવામાં આવ્યો હતો કે મુખ્યમંત્રી રેડ્ડીએ તેલંગાણા કોંગ્રેસ સાથે મળીને એક ખોટી અને શંકાસ્પદ રાજકીય વાત ઊભી કરી હતી કે જો ભાજપ સત્તા પર આવશે, તો તે અનામત ખતમ કરી દેશે. ફરિયાદકર્તાએ દાવો કર્યો કે આ કથિત અપમાનજનક ભાષણથી એક રાજકીય પક્ષ તરીકે ભાજપની પ્રતિષ્ઠાને ઠેસ પહોંચી છે.એક નીચલી કોર્ટે ગયા વર્ષે ઓગસ્ટમાં કહ્યું હતું કે રેડ્ડી વિરુદ્ધ તત્કાલીન ભારતીય દંડ સંહિતા અને જનપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૨૫ હેઠળ માનહાનિનો પ્રથમ દૃષ્ટિએ કેસ બને છે. કલમ ૧૨૫ ચૂંટણીના સંબંધમાં વિવિધ વર્ગો વચ્ચે દુશ્મનીને પ્રોત્સાહન આપવા સાથે સંબંધિત છે. રેડ્ડીએ નીચલી કોર્ટના આ આદેશને હાઈકોર્ટમાં પડકાર્યો અને દલીલ કરી કે ફરિયાદમાં લગાવેલા આરોપો તેમના વિરુદ્ધ પ્રથમ દૃષ્ટિએ કોઈ કેસ બનાવતા નથી. તેમણે દલીલ કરી કે રાજકીય ભાષણોને માનહાનિનો વિષય બનાવી શકાય નહીં. હાઈકોર્ટે બાદમાં ટિપ્પણી કરી, ભલે આ કોર્ટ એ સ્વીકારી લે કે ફરિયાદકર્તા ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રીય એકમનો સભ્ય છે અને તેને ભારતીય જનતા પાર્ટીનો સભ્ય માની શકાય છે, તેમ છતાં સત્તાના અભાવમાં ફરિયાદ વિચારણાને લાયક નથી. કોર્ટે કહ્યું હતું કે ન તો ફરિયાદકર્તા કે ન તો તેના પ્રતિનિધિને ભાજપના રાષ્ટ્રીય એકમ તરફથી ફરિયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવ્યા હતા. હાઈકોર્ટે કહ્યું, રાજકીય ભાષણોને ઘણીવાર વધારીને રજૂ કરવામાં આવે છે. આવા ભાષણો માનહાનિકારક છે એવો આરોપ લગાવવો, એક વધુ અતિશયોક્તિ છે. રેડ્ડીની અરજી સ્વીકારતાં હાઈકોર્ટે નીચલી કોર્ટના આદેશ અને કેસ સંબંધિત કાર્યવાહીને રદ કરી દીધી હતી.

# અમેરિકામાં ભારતીય યુવકની ગોળી મારી હત્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન,

અમેરિકામાં ફરી એકવાર ભારતીય અમેરિકન નાગરિક નફરતનો ભોગ બન્યો છે. કેલિફોર્નિયામાં એક ભારતીય અમેરિકન નાગરિક દ્વારા અમેરિકન નાગરિકને ટોકવામાં આવતાં તેણે ગુસ્સે થઈને ત્યાંજ ગોળી મારી દીધી હતી. જેના કારણે ભારતીય યુવકનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું. હકીકતમાં, હરિયાણાના જીંદ જિલ્લાના ૨૬ વર્ષીય કપિલએ શનિવારે કેલિફોર્નિયાના લોસ એન્જલસમાં એક અમેરિકન વ્યક્તિને જાહેર સ્થળે પેશાબ કરતા રોક્યો ત્યારે તે ગુસ્સે થઈ ગયો અને તરત જ કપિલને ગોળી મારી દીધી. કપિલ ત્યાં સુરક્ષા ગાર્ડ તરીકે કામ કરતો હતો.

કપિલ ૨૦૨૨ માં ડંકી રુટ દ્વારા અમેરિકા ગયો હતો. ત્યારે તે પનામાના જંગલો પાર કરીને મેક્સિકોની દિવાલ કૂદીને અમેરિકા પહોંચ્યો હતો. તેના માટે તેણે ૪૫ લાખ રૂપિયા ખર્ચ કર્યા હતા. જોકે, અમેરિકા પહોંચ્યા પછી તેની ધરપકડ કરવામાં આવી હતી, પરંતુ બાદમાં કાનૂની કાર્યવાહી બાદ તેને છોડી મુકવામાં આવ્યો હતો અને ત્યારથી તે ત્યાં રહેતો હતો. તે સિક્યૂરિટી ગાર્ડ તરીકે કામ કરતો હતો.

કપિલ જીંદના બારાહ કલાન ગામનો રહેવાસી હતો. આ અંગે ગામના સરપંચ સુરેશ કુમાર ગૌતમે માહિતી આપતાં જણાવ્યું હતું કે, કપિલ જ્યારે ત્યા ફરજ બજાવી રહ્યો હતો, તે દરમિયાન એક અમેરિકન વ્યક્તિ ત્યા પહોંચ્યો અને જ્યા કપિલ ઉભો હતો તેની બાજુમાં પેશાબ કરવા લાગ્યો હતો. જેથી કપિલે તેને આવુ કરવાથી રોક્યો ત્યારે તે ગુસ્સે થઈ ગયો અને કપિલને ગોળી મારી દીધી, જ્યા ઘટના સ્થળ પર કપિલનું મોત નિપજ્યું હતું. ગામના સરપંચ પીડિત પરિવારને અમેરિકામાં રહેતા અન્ય એક સંબંધિને કપિલના મોતના સમાચાર આપ્યા છે. કપિલની બે બહેન છે. જેમાં એકની લગ્ન થઈ ગયા છે. સરપંચે કહ્યું કે, આખુ ગામ પરિવાર સાથે ઉભુ છે, પરંતુ દુખની વાત એ છે કે, પરિવાર કપિલના મૃત્યુથી ભાંગી પડ્યો છે. અમે કપિલના મૃતદેહને ભારતમાં પરત લાવવા માટે સરકારને અપિલ કરી છે.

રોકાણને મળશે વેગ, FTA પર પણ સહમતિની શક્યતા

# ભારત-ઈઝરાયલ વચ્ચે દ્વિપક્ષીય રોકાણ સંધિ

## આ કરાર પર નાણા મંત્રી નિર્મલા સીતારમણ અને ઈઝરાયલના નાણા મંત્રી બેજેલેલ સ્મોટ્રિચે હસ્તાક્ષર કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

ભારત અને ઈઝરાયલે સોમવારે એક દ્વિપક્ષીય રોકાણ સંધિ પર હસ્તાક્ષર કર્યા છે. જેમાં ભારત અને ઈઝરાયલ વચ્ચે રોકાણને પ્રોત્સાહન મળશે. નાણા મંત્રાલયે સોમવારે પોતાના X એકાઉન્ટ પરથી પોસ્ટ કરી હતી કે, ભારત અને ઈઝરાયલ સરકારે આજે નવી દિલ્હીમાં દ્વિપક્ષીય રોકાણ સંધિ (BIT) પર હસ્તાક્ષર કર્યા છે. આ કરાર પર નાણા મંત્રી નિર્મલા સીતારમણ અને ઈઝરાયલના નાણા મંત્રી બેજેલેલ સ્મોટ્રિચે હસ્તાક્ષર કર્યા હતા. ઈઝરાયલના નાણા મંત્રી સ્મોટ્રિચ ૮થી ૧૦ સપ્ટેમ્બર સુધી ત્રણ દિવસના ભારત પ્રવાસ પર છે.

બેજેલેલ સ્મોટ્રિચ ભારતના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલ તથા આવાસ અને શહેરી બાબતોના મંત્રી મનોહર લાલ સાથે મુલાકાત કરશે. તેમના ભારત પ્રવાસનો ઉદ્દેશ દ્વિપક્ષીય બેઠકોના માધ્યમથી ભારત સાથે ઈઝરાયલના આર્થિક અને નાણાકીય સંબંધોને વધુ મજબૂત બનાવશે. બંને દેશ દ્વિપક્ષીય રોકાણ સંધિ (BIT) અને મુક્ત વેપાર કરાર (FTA) સહિત અમુક મહત્ત્વના કરાર કરવા તૈયાર છે. જેનાથી બંને દેશોના રોકાણકારોને સુરક્ષાની ગેરંટી મળશે. ઈઝરાયલના નાણા મંત્રી પોતાની ભારત મુલાકાત દરમિયાન મુંબઈ અને ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટીની મુલાકાત લેશે.

ઈઝરાયલે વર્ષ ૨૦૦૦થી માંડી અત્યારસુધી ૧૫થી વધુ દેશો સાથે દ્વિપક્ષીય વેપાર સંધિ કરી છે. જેમાં યુએઈ, જાપાન, ફિલિપિન્સ, થાઈલેન્ડ, દક્ષિણ આફ્રિકા સામેલ છે. ભારત અને ઈઝરાયલ વ્યૂહાત્મક પાર્ટનર છે. બંને દેશો વચ્ચે દરવર્ષે આશરે ૪ અબજ ડોલરનો દ્વિપક્ષીય વેપાર કરે છે. ૨૦૦૦-૨૦૨૫ દરમિયાન ભારતે ઈઝરાયલમાં કુલ ૪૪.૩ કરોડ ડોલરનું રોકાણ કર્યું છે.

ભારતે બેલ્જિયમ સાથે ડિટેલ્સ શેર કરી

# ૧૨૦૦૦ કરોડના કૌભાંડી મેહુલ ચોક્સીનું થશે પ્રત્યાર્પણ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

ભારત માટે મેહુલ ચોક્સીનું પ્રત્યાર્પણ હવે ચર્ચાનો વિષય બન્યો છે. ૬૬ વર્ષીય આ બિઝનેસમેન પર પંજાબ નેશનલ બેંકમાં ૧૨૦૦૦ કરોડ રુપિયાના કૌંભાડનો આરોપ છે. બેલ્જિયમના એન્ટવર્પમાં તેની ધરપકડ બાદ ભારતે તેમના પ્રત્યાર્પણ માટેના પ્રયાસો તેજ કર્યા છે.

ભારતે બેલ્જિયમને ખાતરી આપી છે કે, ચોક્સીને મુંબઈની માનવ અધિકાર પ્રમાણે આર્થર જેલમાં રાખવામાં આવશે. પરંતુ હવે સવાલ એ છે કે, શું ખરેખર ચોક્સીને ત્યાં આ સુવિધા મળશે, જે ભારત દાવો કરી રહ્યું છે..?

ભારતે બેલ્જિયમને એક પત્ર મોકલીને જણાવ્યું કે, ચોક્સીને આર્થર રોજ જેલમાં બેરેક નંબર ૧૨માં રાખવામાં આવશે. આ જેલમાં તેમને સ્વચ્છ સાદડી, ઓશીકું, ચાદર અને ધાબળો આપવામાં આવશે. તેમજ જો જરુર પડશે તો લાકડાં કે લોખંડનો પલંગ પણ આપવામા આવશે. તેમના વકીલનું કહેવું છે કે, તેમને કેન્સર જેવી ગંભીર બીમારી છે, જેથી તેમના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું ખાસ જરુરી છે. ભારતનો દાવો છે કે, ચોક્સીને જેલમાં સ્વચ્છ પાણી, ૨૪ કલાક મેડિકલ સુવિધા અને સારુ ભોજન મળશે. જેલની રોજ સાફ - સફાઈ કરવામાં આવશે અને બેરેકમાં લાઈટ અને હવાની સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવશે. તેમને દરરોજ એક કલાકથી વધારે સમય બહાર ફરવા, કસરત કરવા અને મનોરંજન માટે આપવામાં આવશે. મુંબઈનું હવામાન આખું વર્ષ સામાન્ય રહે છે. જેથી ન તો વધારે ગરમી છે અને ન તો એસીની જરુર છે. જેલમાં ભોજન અંગે વાત કરીએ તો. ચોક્સીને દિવસમાં ત્રણવાર ભોજન આપવામાં આવશે. જો મેડિકલના કારણે ખાસ ડાયટની જરુર હશે તો પણ આપવામાં આવશે.

સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક ચુકાદો

# દુર્ઘટનામાં બાળક દિવ્યાંગ થાય તો ચાર ગણું વળતર

## અકસ્માતમાં બાળકના મૃત્યુ તથા તેના સ્થાયી રૂપે દિવ્યાંગ થવાના કિસ્સામાં તેને મળવાપાત્ર વળતરની રકમની ગણતરી કુશળ શ્રમિક રૂપે જ કરવામાં આવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટે મધ્ય પ્રદેશમાં એક દુર્ઘટનાના દાવા મામલે સુનાવણી કરતાં એક મહત્વનો ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, દુર્ઘટના કે અકસ્માતમાં બાળકના મૃત્યુ તથા તેના સ્થાયી રૂપે દિવ્યાંગ થવાના કિસ્સામાં તેને મળવાપાત્ર વળતરની રકમની ગણતરી કુશળ શ્રમિક રૂપે જ કરવામાં આવશે. રાજ્યમાં દુર્ઘટના સમયે કુશલ શ્રમિકનું જે લઘુત્તમ વેતન હશે, તેને બાળકની આવક રૂપે ગણી દાવાની રકમ નિર્ધારિત કરવામાં આવશે. જેના માટે દાવેદાર વ્યક્તિને સુપ્રીમ કોર્ટે લઘુત્તમ વેતન સંબંધિત દસ્તાવેજો રજૂ કરવા પડશે.

સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, જો આમ નહીં થાય તો આ દસ્તાવેજો રજૂ કરવાની જવાબદારી વીમા કંપનીની રહેશે. આ ચુકાદાની નોટિફિકેશન તમામ મોટર અકસ્માત દાવા ટ્રિબ્યુનલ્સને મોકલવામાં આવશે. જેથી આ નિર્દેશોનું ચુસ્તપણે પાલન સુનિશ્ચિત કરી શકાય. અત્યારસુધી અકસ્માત કે દુર્ઘટનામાં બાળકના મૃત્યુ કે તેના સ્થાયી દિવ્યાંગ થવાની સ્થિતિમાં નુકસાનની ગણતરી નોશન ઈન્કમ (કાલ્પનિક આવક, વર્તમાનમાં રૂ. ૩૦૦૦૦ પ્રતિ વર્ષ) અનુસાર થતી હતી.

હવે રાજ્યમાં કુશળ શ્રમિકોના લઘુત્તમ વેતનના આધારે નુકસાનીનું વળતર ગણવામાં આવશે. હાલ મધ્ય પ્રદેશમાં કુશળ કામદારોનું લઘુત્તમ વેતન માસિક ધોરણે રૂ. ૧૪૮૪૪ અર્થાત દિવસનું રૂ. ૪૯૫ છે. સુપ્રીમ કોર્ટે આ દરના આધારે મૃતક બાળક તથા દિવ્યાંગ બાળકને વળતર ચૂકવવાનો આદેશ આપ્યો છે. આ આદેશ તમામ મોટર અકસ્માત દાવા ટ્રિબ્યુનલ્સમાં મોકલવા નિર્દેશ કર્યો છે.

ઈન્દોરમાં રહેતા આઠ વર્ષીય હિતેશ પટેલ ૧૪ ઓક્ટોબર, ૨૦૧૨ના રોજ તેના પિતા સાથે રસ્તા પર ઉભો હતો, ત્યારે અચાનક એક વાહને ટક્કર મારી હતી. હિતેશને ગંભીર ઈજા થઈ હતી. જેના લીધે તેને કાયમી દિવ્યાંગતા આવી હતી. મોટર અકસ્માત ટ્રિબ્યુનલ સમક્ષ તેને રૂ. ૧૦ લાખ વળતર ચૂકવવાનો દાવો કરવામાં આવ્યો હતો. પરંતુ ટ્રિબ્યુનલે તેને ૩૦ ટકા દિવ્યાંગતા આવી હોવાનું કહી રૂ. ૩.૯૦ લાખ વળતર ચૂકવવા આદેશ વીમા કંપનીને આપ્યો હતો.

આ નિર્ણયને હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. હાઈકોર્ટે તેના વળતરની રકમ વધારી રૂ. ૮.૬૫ લાખ કરી હતી. જેથી બાદમાં સુપ્રીમ કોર્ટના દ્વાર ખટખટાવવામાં આવ્યા હતા.

સુપ્રીમ કોર્ટે આ મામલે સુનાવણી હાથ ધરી ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. જેમાં સુપ્રીમ કોર્ટે હિતેશને રૂ. ૩૫.૯૦ લાખનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો છે.

ટેક્સ ભરવા છતાં ડિપોર્ટેશનનો ખતરો

# ટ્રમ્પના વધુ એક નિર્ણયથી મુશ્કેલીમાં ભારતીયો!

## સ્ટુડન્ટ વિઝા પર રહીને સાઈડ હસલ દર્શાવવી એ હવે વિઝાની મુદત વધારવાનો ઈનકાર, ફરીથી પ્રવેશ પર પ્રતિબંધ, દેશનિકાલની કાર્યવાહી અને ડિપોર્ટેશનનું કારણ બની શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

અમેરિકામાં ઈમિગ્રેશન એજન્સીઓ દ્વારા IRSના રેકોર્ડ્સનો ઉપયોગ વધતા, ગેરકાયદેસર રોજગારના કેસમાં ઈમિગ્રન્ટ્સ માટે દેશનિકાલનું જોખમ વધી ગયું છે. H-1B વિઝા (જે એક જ નોકરીદાતા સાથે સંકળાયેલા હોય) અથવા સ્ટુડન્ટ વિઝા પર રહીને સાઈડ હસલ દર્શાવવી એ હવે વિઝાની મુદત વધારવાનો ઈનકાર, ફરીથી પ્રવેશ પર પ્રતિબંધ, દેશનિકાલની કાર્યવાહી અને ડિપોર્ટેશનનું કારણ બની શકે છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, જે લોકોએ ટેક્સ રિટર્નમાં વધારાની કમાણી (સાઈડ હસલ)ની માહિતી આપી છે, તેમને હવે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. પ્રામાણિકતાથી ટેક્સ ભરવા અને આવક રિપોર્ટ કરવા છતાં, તેમના વિઝાની અવધિ વધારવા પર પ્રતિબંધ મૂકવામાં આવી રહ્યો છે, સાથે જ તેમને ફરીથી પ્રવેશ પર રોક અને દેશનિકાલ સુધીની કાર્યવાહીનો સામનો કરવો પડી રહ્યો છે.

મીડિયા રિપોર્ટ્સ મુજબ, ઈમિગ્રેશન એટર્ની જાથ શાઓએ જણાવ્યું કે, 'આઈઆરએસએ ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE) સાથે ડેટા શેર કર્યો છે. હવે અમે જોઈ રહ્યા છીએ કે લોકો એ જ કાર્યો માટે ફસાઈ રહ્યા છે, જેની કમાણી તેમણે પોતે જ રિપોર્ટ કરી અને ટેક્સ ભર્યો.'

શાઓ મુજબ, ઘણીવાર આ આરોપ ત્યારે લાગે છે જ્યારે કોઈ પ્રવાસી બીજી કોઈ ભૂલમાં પકડાય છે અને તપાસમાં જૂની કમાણી સામે આવી જાય છે. નિષ્ણાતોનું કહેવું છે કે આ પગલાથી H-1B વિઝા ધારકો સૌથી વધુ જોખમમાં છે, કારણ કે તેમની નોકરી સીધી સ્પોન્સર કંપની સાથે જોડાયેલી હોય છે. વકીલ અભિનવ ત્રિપાઠી કહે છે કે, 'જો USCIS ટેક્સ રેકોર્ડમાં દર્શાવેલી સાઈડ ઈનકમના આધારે નોટિસ જારી કરી રહ્યું છે, તો તેના ગંભીર પરિણામો આવી શકે છે. આ વિઝા સ્ટેટસના ઉલ્લંઘનનો મામલો બની શકે છે અને દેશનિકાલ સુધી લઈ જઈ શકે છે.'

જોકે, તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે વ્યાજ કે મૂડી લાભ જેવી આવક પર સમસ્યા થતી નથી, પરંતુ ફ્રીલાન્સ પ્રોજેક્ટ્સ કે ઓનલાઈન સાઈડ જોબ્સ ગંભીર જોખમ વધારે છે. તેમનું કહેવું છે કે ચિંતાનો વિષય એ છે કે અધિકારીઓ હવે ટેક્સ રેકોર્ડ્સની ઊંડાણપૂર્વક તપાસ કરીને નિષ્ક્રિય અને સક્રિય આવકનું અર્થઘટન પોતાની રીતે કરવા લાગશે, જેનાથી પ્રવાસીઓ માટે પરિસ્થિતિ વધુ ગૂંચવણભરી બની શકે છે.

નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે અમેરિકામાં પ્રવાસીઓએ હવે ખૂબ જ સાવધ રહેવું પડશે. એક એટર્નીએ કહ્યું, 'સાઈડ હસલથી ભલે થોડા ડોલરની કમાણી થઈ જાય, પણ તેની કિંમત તમારું અમેરિકન સપનું હોઈ શકે છે.'


ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

એક શુભેચ્છક


RNI No. GUJGUJ/2008/26148 Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad,Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad,Gujarat-380 002. and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના સ્વર્ગીય માતૃશ્રી માટે કોંગ્રેસના મંચ પરથી ઉચ્ચારાયેલ અભદ્ર, અશોભનીય અને નિમ્નસ્તરના અપશબ્દના વિરોધમાં ગાંધીનગર શહેર ભાજપ મહિલા મોરચા દ્વારા ધરણાં પ્રદર્શન યોજાયું







ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, તાજેતરમાં બિહારમાં કોંગ્રેસના જાહેર મંચ ઉપરથી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સ્વર્ગસ્થ માતાશ્રી માટે અભદ્ર, અશોભનીય અને નિમ્નસ્તરના અપશબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જનતાનો વિશ્વાસ ગુમાવી ચૂકેલી, હાંસિયામાં ધકેલાઈ ગયેલી કોંગ્રેસે આટલી હલકી રાજનીતિ કરીને તમામ હદો વટાવી છે ત્યારે શ્રી મોદીજીની માતા માટે બોલાયેલા અપશબ્દો વિરુદ્ધ આખા દેશમાં તેનો પડઘો વાગ્યો છે તેમ છતાંય કોંગ્રેસ લાજવાને બદલે ગાજી રહી છે. આ સંદર્ભે ગાંધીનગર શહેર ભાજપ પ્રમુખ આશિષકુમાર દવેના માર્ગદર્શન હેઠળ મહાનગર ભાજપ મહિલા મોરચા દ્વારા સેકટર ૭ સ્થિત શાકમાર્કેટ ખાતે ધરણાં પ્રદર્શન યોજાયું હતું જેમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત મહિલા શક્તિએ 'માતૃ શક્તિનું અપમાન, નહિ સહે ગુજરાત', 'રાહુલ ગાંધી હાય હાય', સહિતના પ્લેકાર્ડ અને સૂત્રોચ્ચાર સાથે વિરોધ નોંધાવી ગાંધીનગર જિલ્લા કલેકટરશ્રી મેહુલભાઈ દવેને આ અંગે આવેદનપત્ર આપ્યું હતું.

આ ધરણાં પ્રદર્શનમાં ધારાસભ્ય રીટાબેન પટેલ, મેયર મીરાબેન પટેલ, મહાનગરપાલિકા અને સંગઠનના ભાજપના પદાધિકારીઓ, પ્રદેશ મહિલા મોરચા ઉપાધ્યક્ષ અરુણાબેન ચૌધરી, શહેર મહિલા મોરચા અધ્યક્ષ પ્રિયાબેન પટેલ, નગરસેવકો, કાર્યકર્તા બહેનો અને મોટી સંખ્યામાં મહિલાઓએ ઉપસ્થિત રહી કોંગ્રેસની હલકી કક્ષાની રાજનીતિને વખોડી હતી.

# મહેસાણા ખાતે સાંસદ ખેલ મહોત્સવ -૨૦૨૫ સ્પર્ધાના આયોજન અંતર્ગત નિવાસી અધિક કલેક્ટર જશવંત જેગોડાના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ



મહેસાણા લોકસભા વિસ્તારમાં આયોજિત સાંસદ ખેલ મહોત્સવ - ૨૦૨૫ સ્પર્ધાના આયોજન અંતર્ગત નિવાસી અધિક કલેક્ટરશ્રી જશવંત જેગોડાના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી.

મહેસાણા-૪ સંસદીય મતવિસ્તારના માણસા વિધાનસભા સહિતના રમતવીરોમાં રહેલા સુષુપ્ત શક્તિઓને બહાર લાવવાના શુભ આશય સાથે યોગ્ય પ્રતિભાઓને શોધીને યોગ્ય તક આપવા માટે તથા રમતવીરોને સર્વાંગી વિકાસ અર્થે સમગ્ર સંસદીય વિસ્તારમાં રમત ગમતના વાતાવરણનું નિર્માણ કરવું એ આ સસ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ છે તેમ નિવાસી અધિક કલેકટર જશવંત જેગોડાએ જણાવ્યું હતું.

સાંસદ ખેલ મહોત્સવ-૨૦૨૫ સ્પર્ધામાં ભાગ લેવા માટે ઓનલાઇન રજીસ્ટ્રેશન વેબસાઈટ - https://sansadkhelmahOsav.હ તા.૨૯/૦૮/૨૦૨૫ થી તા.૨૦/૦૯/૨૦૨૫ સુધી ઓનલાઇન રજીસ્ટ્રેશન શરૂ કરવામાં આવેલ છે.

સાંસદ ખેલમહોત્સવ – ૨૦૨૫ ની સ્પર્ધાઓ તા.૨૧/૦૯/૨૦૨૫ થી તા.૨૫/૧૨/૨૦૨૫ દરમ્યાન મહેસાણા લોકસભા વિસ્તારમાં યોજાનાર છે.

જે અંતર્ગત કુલ-૮ રમતો કબડ્ડી, ખો-ખો, વોલીબોલ, હેન્ડબોલ, યોગાસન, કુસ્તી, બેડમિન્ટન, એથ્લેટીકસ જેવી રમત સ્પર્ધાઓ ૧૭ વર્ષથી ઉપર ભાઇઓ/બહેનો અને ૧૭ વર્ષથી નીચે ભાઇઓ/બહેનો વયજુથમાં યોજાશે.

આ સ્પર્ધાનો વિગતવાર કાર્યક્રમ તારીખ અને સ્થળ સહિતની વિવિધ બાબતો અંગે વિગતે બેઠકમાં ચર્ચા કરાઈ

આ ઉપરાંત આ રમતોત્સવની માહિતી રમતવીરોને મળી રહે તે માટે સરદાર પટેલ જિલ્લા રમત સંકુલ, પાંચોટ-મહેસાણાના કંટ્રોલ રૂમ મો.નંબર – ૯૧૭૩૦૯૬૬૩૫ કાર્યરત કરવા બેઠકમાં ચર્ચા કરાઈ હતી

સાંસદ ખેલ મહોત્સવ આયોજન અંતર્ગત આયોજિત બેઠકમાં પ્રાંત અધિકારી મહેસાણા, જિલ્લા રમત ગમત અધિકારી વિરલ ચૌધરી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્રના અધિકારી કિલ્લોલબેન સાપરિયા, દિવ્યાંગ સંસ્થાના શ્રી વિષ્ણુભાઈ પટેલ, વ્યાયામ મંડળ ના પ્રતિનિધિઓ વિવિધ વિશ્વવિદ્યાલયના પ્રતિનિધિઓ વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિ, જિલ્લા પ્રાથમિક અને શિક્ષણ વિભાગના અધિકારીશ્રીઓ, પ્રતિનિધિઓ, સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા...

# અંગદાન માં સિવિલ હોસ્પિટલે મેળવ્યો એક વધુ માઈલ સ્ટોન



સિવિલ હોસ્પિટલે અંગદાનક્ષેત્રે એક નવી સિધ્ધિ હાંસલ કરી છે. અત્યાર સુધી અંગદાન થકી ૭૦૨ અંગો દાન માં મળ્યા છે.આ ઉપરાંત ૧૪૬ ચક્ષુ તેમજ ૨૪ ચામડી મળી કુલ ૧૭૦ પેશીઓનું પણ દાન મળ્યુ છે. અંગદાન દ્વારા અનેક દર્દીઓને નવુ જીવન મળ્યુ છે અને તેમના નિરાશ પરિવારોને નવી આશા મળી છે.

સિવિલ હોસ્પિટલ ની અંગદાન ટીમની અવિરત મહેનત તથા અંગદાતાશ્રીઓના પરિવારોના ઉદાર નિર્ણયથી આ સિદ્ધિ શક્ય બની છે. સિવિલ હોસ્પિટલ ખાતે થયેલા ૨૧૨ માં અંગદાન ની વિગતો જોઇ એ તો અમદાવાદના હાટકેશ્વર, અમરાઈવાડી વિસ્તારમાં રહેતા અને ફેક્ટરી માં કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા ૪૬ વર્ષીય કપીલભાઇ બારડ ને માથા ના ભાગે ઈજા સાથે ૧૦૮ એમ્બ્યુલંસ દ્વારા તારીખ ૪ સપ્ટેમ્બર ના રોજ સવારે ૯ વાગ્યે સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે લાવવામાં આવ્યા હતા. સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન તા.૭. ૦૯.૨૦૨૫ ના રોજ ડોક્ટરોએ કપીલભાઈને બ્રેઈનડેડ જાહેર કર્યા હતા. સિવિલ હોસ્પિટલની અંગદાન ટીમના ડૉ. મોહિત ચંપાવત દ્વારા કપીલભાઈ ની બ્રેઇનડેડ પરિસ્થિતિ અને અંગદાન વિશે સિવિલ હોસ્પિટલમાં હાજર તેમનાં પત્ની સરોજબહેન તેમજ અન્ય હાજર સગાઓને સમજાવતા ખુબ જ વ્યથિત મને પરહીતમાં તેમના પત્ની સરોજ બેને કપીલભાઇ નાં અંગોનું દાન કરવા સંમતિ આપી હતી. સિવિલ હોસ્પિટલ ખાતે આજદિન સુધીમાં કુલ ૨૧૨ અંગદાન થકી કુલ ૭૦૨ અંગોનું દાન મળ્યું છે. આમ જોઇ એ તો ૧૪૬ ચક્ષુ તેમજ ૨૪ ચામડી મળી કુલ ૧૭૦ પેશી ઓ સાથે કુલ ૮૭૨ અંગો તેમજ પેશીઓ નુ દાન સિવિલ હોસ્પિટલ દ્વારા આજદીનસુધી મેળવવામાં આવ્યુ છે તેમ ડો.જોષી એ વધુ માં જણાવ્યુ હતુ.

આ અંગદાન સાથે સિવિલ હોસ્પિટલમાં અત્યારસુધી ૧૮૭ લીવર, ૩૮૮ કીડની, ૧૭ સ્વાદુપિંડ, ૬૮ હૃદય, ૬ હાથ, ૩૪ ફેફસાં, ૨ નાનાં આંતરડાં, ૧૪૬ ચક્ષુ તથા ૨૪ ચામડીનું દાન મળ્યુ છે. સિવિલ હોસ્પિટલ માં થયેલ આ અંગદાનથી મળેલ ૨ કીડની અને ૧ લીવર ને સિવિલ મેડીસીટી કેમ્પસની જ કીડની હોસ્પિટલ ના જરુરીયાત્મંદ દર્દીઓમાં પ્રત્યારોપણ કરવામાં આવશે તેમજ મળેલ બે આંખોનુ દાન સિવિલ મેડીસીટી ની એમ એન્ડ જે આંખ ની હોસ્પિટલ દ્વારા સ્વીકારવામાં આવ્યુ હતુ. આ અંગદાન થી મળેલ એક ત્વચા ના દાન ને સિવિલ હોસ્પિટલ ની જ સ્કીન બેંક દ્વારા સ્વીકારવામા આવ્યુ હતુ જેને હોસ્પીટલ માં દાખલ દાઝેલા દર્દી ઓ ની સારવાર માં ઉપયોગ મા લેવામાં આવશે તેમ ડો. જોષી એ જણાવ્યુ હતુ.

# પશ્ચિમ રેલવે ચલાવશે અમદાવાદ અને બાંદ્રા ટર્મિનસ વચ્ચે સ્પેશ્યલ ટ્રેન

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા અને તહેવારોની સીઝન દરમિયાન તેમની મુસાફરીની માંગને પુરી કરવાના ઉદેશ્યથી અમદાવાદ અને બાંદ્રા ટર્મિનસ સ્ટેશનો વચ્ચે વિશેષ ભાડા પર સાપ્તાહિક સ્પેશ્યલ ટ્રેન ચલાવવામાં આવશે. આ ટ્રેનની વિગતો નીચે મુજબ છેઃ

- ટ્રેન સંખ્યા ૦૯૪૪૨/૦૯૪૪૧ અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ સ્પેશ્યલ ચ૪ ટ્રિપ્સૃ

ટ્રેન સંખ્યા ૦૯૪૪૨ અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ સ્પેશ્યલ મંગળવાર, ૧૬ અને ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ અમદાવાદથી ૨૧:૧૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૬:૦૦ કલાકે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. તેવી જ રીતે ટ્રેનસંખ્યા ૦૯૪૪૧ બાંદ્રા ટર્મિનસ-અમદાવાદ સ્પેશ્યલ બુધવાર, ૧૭ અને ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ બાંદ્રા ટર્મિનસથી ૨૨:૫૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૭:૪૦ કલાકે અમદાવાદ પહોંચશે. આ ટ્રેન બંને દિશાઓમાં નડિયાદ, આણંદ, વડોદરા, સુરત, વાપી અને બોરીવલી સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં એસી ૨ ટાયર, એસી ૩ ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે. ટ્રેન સંખ્યા ૦૯૪૪૨ અને ૦૯૪૪૧ નું બુકિંગ ૦૯ સપ્ટેમ્બર ૨૦૨૫ થી બધા પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ, સંરચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# અમદાવાદના નળકાંઠામાં સિંચાઈના પાણીથી વંચિત ૩૯ ગામો સુધી રૂ. ૧,૫૩૬.૮૬ કરોડના ખર્ચે પાણી પહોંચાડવાની કામગીરી યુધ્ધના ધોરણે ચાલી રહી છેઃ મંત્રી શ્રી ઋષિકેશ પટેલ

ગાંધીનગર,

વિધાનસભા ગૃહ ખાતે ધારાસભ્યશ્રી દ્વારા પૂછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, અમદાવાદ જિલ્લાના નળકાંઠામાં સિંચાઈના પાણીથી વંચિત ૩૯ ગામના ૩૫,૪૮૬ હેક્ટર વિસ્તારમાં સિંચાઈ માટેનું પાણી પૂરું પાડવા રાજ્ય સરકારે રૂ. ૧,૫૩૬.૮૬ કરોડની વિશેષ "નળકાંઠા યોજના" અમલમાં મૂકી છે. નળકાંઠા યોજનામાં સાણંદ તાલુકાના ૧૪ ગામ, બાવળા તાલુકાના ૧૨ ગામ અને વિરમગામ તાલુકાના ૧૩ ગામનો સમાવેશ કરવામાં આવ્યો છે.

મંત્રી શ્રી પટેલે વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, આ યોજના હેઠળ નળકાંઠાના છેવાડાના ગામોનો નર્મદા કમાન્ડમાં સમાવેશ કરવામાં આવશે તથા પાઇપલાઇન અને કેનાલ મારફતે આ ગામના ખેડૂતોને સિંચાઇ સુવિધા પૂરી પાડવામાં આવશે.

આ ઉપરાંત નર્મદા નહેર અને ફતેવાડી નહેર યોજના હેઠળ સમાવિષ્ટ વિસ્તારમાં પણ સિંચાઈની વ્યવસ્થા વધુ સુદ્રઢ બનાવવામાં આવશે. સાથે જ, ૨૩ તળાવો તથા માટીબંધને પણ ઈન્ટરલીંક કરવામાં આવશે.

નળકાંઠા યોજનાના પ્રથમ તબક્કામાં રૂ. ૩૭૭.૬૫ કરોડના ખર્ચે કુલ ૨૬.૧૮ કિલોમીટર લાંબુ એમ.એસ. પાઈપ લાઈનનું નેટવર્ક ઉભું કરવામાં આવી રહ્યું છે. યોજનાનો પ્રથમ તબક્કો લગભગ પૂર્ણતાને આરે છે. તા. ૩૧ જુલાઈ,૨૦૨૫ સુધીમાં ૨૨.૭૮ કિલોમીટર લંબાઈમાં પાઈપ લાઈન નાખવાની કામગીરી પૂર્ણ થઈ છે, બાકીની કામગીરી ટૂંક જ સમયમાં પૂર્ણ થશે.

યોજનાના આ પ્રથમ તબક્કામાં ગોધાવી-ગોરજ ડ્રેઈનનું લાઈનીંગ કરી ફતેવાડી નહેરમાં જોડાણ, ધોળકા શાખા નહેર અને ફતેવાડી નહેરનું જોડાણ, સાણંદ શાખા નહેરમાંથી નવી પાઇપ લાઇન તેમજ સૌરાષ્ટ્ર શાખા નહેરમાંથી ઘોડા ફીડર ડ્રેઇન સુધી નવી પાઇપ લાઇનની કામગીરીનો સમાવેશ કરવામાં આવ્યો છે, તેમ તેમણે કહ્યું હતું.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, યોજનાના દ્વિતીય તબક્કામાં કુલ રૂ. ૧,૧૫૪.૬૫ કરોડના ખર્ચે મુખ્ય પાઇપલાઇનને લાભિત ગામોના છેવાડાના વિસ્તાર સુધી લંબાવવામાં આવશે. દ્વિતીય તબક્કાની કામગીરી માટે ટેન્ડર પ્રક્રિયા શરુ કરી દેવામાં આવી છે, જેથી દ્વિતીય તબક્કાની કામગીરી પણ ટૂંક જ સમયમાં શરુ થશે.

દ્વિતીય તબક્કામાં મુખ્ય પાઈપલાઈનથી સબ-લાઈન અને સબ-લાઈન ઉપર પ્રત્યેક ૨૫ થી ૪૦ હેક્ટર વિસ્તાર વચ્ચે એક કુંડી દ્વારા સિંચાઈનું પાણી વિતરણ કરવાનું રાજ્ય સરકાર દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. મુખ્ય પાઈપલાઈન થકી લાભિત ગામો સુધી પાણી પહોંચાડવા દ્વિતીય તબક્કામાં ૧૫૭ કિલોમીટર એમ.એસ અને ૧૯૧ કિલોમીટર ડી.આઈ પાઈપલાઈન મળીને કુલ ૩૪૮ કિલોમીટરનું નેટવર્ક ઉભું કરવામાં આવશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

# અમદાવાદ શહેરમાં હથિયારબંધી અંગે શહેર પોલીસ કમિશનરશ્રીનું જાહેરનામું

અમદાવાદ શહેરના અમુક પોલીસ સ્ટેશન વિસ્તારોમાં કેટલાક આરોપીઓ દ્વારા તલવાર/છરી/ચપ્પુ/ગુપ્તી/બેઝબોલ/લોખંડની પાઈપ જેવા હથિયારો વડે હુમલાઓ કરી ખૂન, ખૂનની કોશિશ તેમજ મહાવ્યથાના ગંભીર પ્રકારના ગુનાઓને અંજામ આપતા હોય છે. આમ, અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા ગુનાઓમાં ગેરકાયદેસર હથિયારો દ્વારા અમુક કિસ્સાઓમાં શરીર સબંધી ગંભીર પ્રકારના ગુનાઓ બનતા હોવાનું ધ્યાને આવેલ છે.

શહેરમાં જાહેર સુલેહ શાંતિ અને સલામતી જળવાય રહે તેમજ આરોપીઓ ગંભીર ગુનાને અંજામ આપતાં અટકે અને ભયમુકત વાતાવરણ બની રહે, લોકોના જાનમાલનું રક્ષણ થાય, જાહેર જગ્યામાં ગેર-બંદોબસ્ત અટકે, બિભત્સ ભાષા અને વ્યવહાર તેમજ ઉશ્કેરણીજનક ભાષણોથી સુરુચિભંગ થવાના તેમજ ગુનાહિત કૃત્યો થવાની સંભાવનાને નિવારવા જાહેર જગ્યામાં ગેર બંદોબસ્ત અટકાવવા તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાય રહે તે સારુ આવા હથિયારો તથા આવા કૃત્યો ઉપર પ્રતિબંધ મૂકવાની જરૂર જણાય છે.

આથી હું જી.એસ. મલિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં તા.૦૯/૦૯/૨૦૨૫ના કલાક ૦૦/૦૦થી તા.૨૩/૦૯/૨૦૨૫ના કલાક ૨૪/૦૦ સુધી આ કૃત્યો જેમ કે,

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળા કોઈપણ જાતના ચપ્પુ જે અઢી ઇંચથી વધારે લાંબુ, છેડેથી અણીવાળું પાનુ હોય તેવાં ચપ્પા સાથે રાખી ફરવાની તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(ખ) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા તેમજ સામાજિક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવા ઉપર.

(ગ) કોઈપણ ક્ષયધર્મી ( શરીરને હાનિકારક ) અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ઘ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાંખવાનાં યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની

(ચ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(છ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવા તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા ફેલાવો કરવાથી, સુરુચિ અથવા પ્રતિષ્ઠાનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજય ઊથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વગેરે કરવાની અને તેવા ચિહ્નો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની,દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની ઉપર પ્રતિબંધ ફરમાવું છું:

આ હુકમનો ખંડ (ક) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને અને સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે, સંગીન વગેરે સાથે રાખવા પડતા હોય તેમને અને પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ.અને તેનાથી ઉપરના દરજજાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એક્ટ કલમ-૧૩૫ મુજબ ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

# પરપ્રાંતીય મજૂરોની વિગતો રજૂ કરવા અંગે અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીનું જાહેરનામું

કાયમી, હંગામી રોજિંદા કે કોન્ટ્રાકટના કર્મચારી/ કારીગરો/ મજૂરો અંગેની તમામ નોંધણી સિટીઝન પોર્ટલ વેબસાઈટ (ુ.ક્ષ્ૈદ્બર્રઙ્ઘી.ક્ષ્ૈદ્બઙ્ઘિ.ર્જદ્દૈ.હ) અથવા સિટીઝન ફર્સ્ટ એપ્લિકેશન મારફતે ફરજીયાતપણે ઓનલાઇન નોંધણી કરાવવાની રહેશે

અમદાવાદ શહેરમાં ભૂતકાળમાં બનેલા લૂંટ, ઘાડ, ખૂન તથા અપહરણ જેવા બનાવોની વિગતો જોતા ઘણા કિસ્સાઓમાં કારખાનામાં, મકાન બાંધકામમાં, ટેક્ષ્ટાઈલ ઉદ્યોગમાં, હીરા ઉદ્યોગમાં, ફેકટરીઓમાં તથા પ્રાઈવેટ સેક્ટરમાં કામ કરતા ઘરઘાટી નોકર, ડ્રાઇવર, રસોઇયા, વોચમેન, માળી, કારીગરો, સોની કામ કરતા પરપ્રાંતીય મજૂરો વગેરે માલિકોનો વિશ્વાસ કેળવી તેઓ માલિકોની પ્રવૃત્તિ ઉપર વોચ રાખી પોતે તથા તેના સાગરીતો દ્વારા મિલકત સંબંધિત તેમજ શરીર સંબંધિત ગુનાઓ આચર્યા બાદ ભાગી જતા હોય છે. જેના કારણે આવા ગુન્હાઓ વણશોધાયેલા રહેવા પામે છે. તેમજ ઘણાં કિસ્સામાં આવા પરપ્રાંતીયો તેમના વતનમાં કે અન્ય કોઈ શહેરમાં ગંભીર ગુનાઓ આચરી અમદાવાદ શહેરમાં આશરો લેતા હોય છે અને ભૂતકાળમાં બાંગ્લાદેશી લોકો દ્વારા ઘૂષણખોરી કરીને રોજગારી મેળવીને પણ અમદાવાદ શહેરમાં ગુનાખોરી કરેલ હોવાનું ધ્યાને આવેલ છે, જે દેશની આંતરિક સુરક્ષા માટે ગંભીર બાબત છે, જેથી દેશની સુરક્ષા માટે તેમજ જાહેર જનતાની શાંતિ અને સલામતી જાળવવા સારું.

હું જી.એસ. મલિક પોલીસ કમિશનર, અમદાવાદ શહેર (ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૮૨ના નોટિફિકેશન નં.જીજી/૪૨૨/સીઆરસી/ ૧૦૮૨૧૦૮૦/-એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ના સંકલિત જાહેરનામા નં.જીજી/૬/ ફકઅ/૧૦૮૮/ ૬૭૫૦/મ) અન્વયે મને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (મ્દ્ગજીજી) -૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મળેલ સત્તાની રુએ અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં આવેલ કારખાનેદારો, મકાન બાંધકામ બિલ્ડર્સ, ટેક્ષટાઈલ ઉદ્યોગ, હીરા ઉદ્યોગ તથા અન્ય ઉદ્યોગો સાથે સંકળાયેલ તમામ પ્રાઈવેટ સેકટરના માલિકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં ઘરઘાટી નોકર, ડ્રાઈવર, રસોઇયા, વોચમેન, માળી કર્મચારી, કારીગરો મજૂરો જે હાલમાં કામ ઉપર છે તેવા તેમજ કામ ઉપર રાખવામાં આવનાર કાયમી, હંગામી રોજિંદા કે કોન્ટ્રાકટના કર્મચારી/ કારીગરો/ મજૂરો/નોકરોની માહિતી/ હકીકત અંગેની તમામ નોંધણી સિટીઝન પોર્ટલ વેબસાઈટ (www.gujhome.guja®a.gov.in) અથવા સિટીઝન ફર્સ્ટ એપ્લિકેશન મારફતે ફરજીયાતપણે

ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે તથા તે વિગત પોતાની પાસે પણ રાખવાની રહેશે તેમજ આવા તમામ ઈસમોની નાગરિકતાની ખરાઇ અંગેની સુનિશ્ચિતતા કરવાની જવાબદારી જે-તે ઔધોગિક એકમોના માલિક/મેનેજર/સંચાલકની રહેશે. સ્થાનિક પોલીસ દ્વારા તથા એ.ઓ.જી, ક્રાઇમ બ્રાન્ચ અન્ય શાખા દ્વારા જ્યારે જ્યારે આ ઈસમોની નાગરિકતાની ખરાઇ અંગે રેકર્ડ માંગે ત્યારે રજૂ કરવાનું રહેશે. ઔધોગિક એકમોમાં હાલમાં ચાલુ રહેલ કામદારોની સદર નોંધણીની પ્રક્રિયા ૨૫ મે, ૨૦૨૫ સુધીમાં પરિપૂર્ણ કરવાની રહેશે અને નવા કામદારો આવ્યેથી દિન-૦૭માં નોંધણી કરવાની રહેશે.

૧. ઔધોગિક એકમો અને અન્ય એકમો સાથે સંકળાયેલા નામ તથા સરનામું તથા ટેલિફોન નંબર

૨. કામે રાખેલ નોકરો /મજૂરો /કારીગરો /વોચમેનો /માળીઓ / ડ્રાઈવરો / રસોઈયાઓનુ પૂરું નામ ઓળખ ચિન્હો, હાલનું પૂરું સરનામું તેમજ વતનનું પૂરું સરનામું.

૩. નોકરો/મજૂરો/કારીગરો/ વોચમેનો/માળીઓ/ડ્રાઇવરો/ રસોઈયાઓને રાખ્યાની તારીખ.

૪. કોના ભલામણથી/ ઓળખાણથી નોકરીએ રાખેલ છે, તેનું નામ/ સરનામું/ ટેલિફોન નંબર

૫. નોકરો/મજૂરો/કારીગરો/ વોચમેનો /માળીઓ /ડ્રાઈવરો/ રસોઈયાઓનો ફોટો અને નોકરી વખતે આપવામાં આવેલ દસ્તાવેજ (આધાર કાર્ડ /ડ્રાઈવિગ લાઇસન્સ/ વોટર આઈ.ડી વિગેરે)

આ હુકમ તા.૧૦/૦૯/૨૦૨૫ના કલાક ૦૦.૦૦ થી તા.૦૮/૧૧/૨૦૨૫ના કલાક ૨૪.૦૦ સુધી ૬૦ દિવસ માટે અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ. કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

કોર્પોરેશનને જમીનનો કબજો લેવા ટકોર

# જમીન વિવાદમાં ક્રિકેટર યુસુફ પઠાણની અરજી હાઈકોર્ટે ફગાવી

## જમીન અંગે વિવાદ થતાં કોર્પોરેશને નોટિસ આપતા યુસુફ પઠાણે હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા,

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જાણીતા રમતવીરોને રાહતદરે જમીન આપવાની યોજના અમલમાં મૂકી હતી. તેમાં ક્રિકેટર યુસુફ પઠાણે જમીનની માંગણી કરી હતી. તેને કોર્પોરેશનની સભાએ મંજૂરી આપી રાજ્ય સરકારમાં મોકલી હતી, પરંતુ નામંજૂર દીધી હતી. હવે તે જમીન પર ગેરકાયદે દબાણ કરી તબેલો અને દીવાલ બાંધી દઈ પ્લોટનો કેટલોક ભાગ પોતાના હસ્તક મેળવી લીધો હતો. જે અંગે વિવાદ થતાં કોર્પોરેશને નોટિસ આપતા યુસુફ પઠાણે હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. જે અંગેનો કેસ ચાલી જતાં હાઈકોર્ટે યુસુફ પઠાણની અરજી ફગાવી દીધી છે અને વડોદરા મહાનગપાલિકાની ટીકા કરી છે કે, કોર્પોરેશને આ જમીનનો કબજો હજુ સુધી લીધો કેમ નથી?

વડોદરાના ક્રિકેટર યુસુફ પઠાણ પશ્ચિમ બંગાળમાંથી સાંસદ તરીકે ચૂંટાઈ આવ્યા બાદ ભાજપના પૂર્વ મેયરે સોશિયલ મીડિયા પર મેસેજ ફરતો કરતા વિવાદ સર્જાયો હતો, ત્યારે હવે તેમના બંગલાની બાજુમાં આવેલા કોર્પોરેશનના પ્લોટનો કેટલોક ભાગ કથિત રીતે દબાવી લઈ ગેરકાયદે રીતે દીવાલ બાંધી દઈ તબેલો કરી દીધાનું બહાર આવતા પઠાણ બંધુઓ વિવાદમાં આવ્યા હતા.

તાંદળજા શુભમ પાર્ટી પ્લોટ પાસે આવેલી આંગન સોસાયટી નજીક ટી.પી. સ્કીમ નં.૨૨ ના ફાઈનલ પ્લોટ નં.૯૦ વાળી રહેણાંકનો હેતુ ધરાવતી ૯૭૮ ચોરસ મીટર જમીન ક્રિકેટર યુસુફ પઠાણે ૩ માર્ચ ૨૦૧૨ ના રોજ વેચાણથી માંગણી કરી હતી. જે અંગે ૮ જૂન ૨૦૧૨ ના માત્ર ત્રણ મહિનામાં કોર્પરેશનની સામાન્ય સભામાં ભાજપ-કોંગ્રેસના પણ વિરોધ વિના સર્વાનુમતે જમીન આપવાની દરખાસ્ત મંજૂર કરવામાં આવી હતી. કોર્પોરેશને ઠરાવ કર્યા બાદ રાજ્ય સરકારમાં મંજૂરી માટે મોકલવામાં આવતા રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગે ૯ સપ્ટેમ્બર ૨૦૧૪ ના રોજ કમિશનરને પત્ર લખી યુસુફ પઠાણને ફાળવવામાં આવેલી જમીન પ્રતિ ચો.મી. રૂા. ૫૭, ૨૭૦ ના પ્રિમિયમથી ૯૯ વર્ષના ભાડા પટ્ટેથી જાહેર હરાજી સિવાય ફાળવવા માટે ખાસ કિસ્સા તરીકે રાજ્ય સરકારની મંજૂરી મેળવવા અંગે કરવામાં આવેલી દરખાસ્ત નામંજૂર કરવામાં આવે છે તેમ જણાવ્યું હતું?? આ મુદ્દે કોર્પોરેશનની સભામાં હોબાળો થતાં ક્રિકેટર અને સાંસદ યુસુફ પઠાણે હાઈકોર્ટમાં રીટ દાખલ કરી હતી. જે અંગેનો કેસ ન્યાયમૂર્તિ મોનાબેન ભટ્ટની કોર્ટમા ચાલી જતાં યુસુફ પઠાણની અરજી ફગાવી દેવામાં આવી છે અને હાઈકોર્ટે ટીકા કરી છે કે, રાજ્ય સરકારે ક્રિકેટરની જમીનની માગણી નામંજૂર કરી છે તેમ છતાં કોર્પોરેશન દ્વારા તે જમીનનો કબજો લેવાની કાર્યવાહી કેમ કરી નથી. તાંદળજામાં ક્રિકેટર અને તૃણમુલ કોંગ્રેસના સાંસદ યુસુફ પઠાણ દ્વારા કોર્પોરેશનની જમીનના કેટલાક ભાગ પર કબજો જમાવી દીધો છે. જે અંગે ભાજપના પૂર્વ કોર્પોરેટર વિજય પવારે જણાવ્યું છે કે, જ્યારે હાઈકોર્ટે યુસુફ પઠાણની અરજી ફગાવી દીધી છે. ત્યારે કોર્પોરેશને આ જમીનનો કબજો મેળવી લેવો જોઈએ. તેમણે પત્રમાં રજૂઆત કરી છે કે, ગરીબ ઝૂંપડાં વાસીઓ હોય અથવા તો તેના દબાણ તોડવામાં આવે છે. તો પર પ્રાંતમાંથી સાંસદ બનેલા ક્રિકેટર યુસુફ પઠાણે કોર્પોરેશનના પ્લોટની માંગણી કરી હતી. તે રાજ્ય સરકારે નામંજૂર કરી હોય તો પછી તે પ્લોટ પર તેમણે કબજો જમાવી દીધો હોવાથી તાત્કાલિક અસરથી દીવાલ તોડી કોર્પોરેશને કબજો લેવો જોઈએ તેવી માગણી અગાઉ કરી હતી. કોર્પોરેશનમાં યુસુફ પઠાણની જમીનનો વિવાદ થતાં કોર્પોરેશનની સભામાં અત્યાર સુધી જમીનનો વપરાશ કરવામાં આવ્યો છે તો તેનું ભાડૂ વસૂલ કરવાની માગણી થઈ હતી. છતાં આજદિન સુધી કોર્પોરેશને ભાડાની વસૂલાતની કાર્યવાહી કરી નથી. આ જમીન યુસુફ પઠાણને નહીં આપવાના નિર્ણય બાદ યુસુફ પઠાણે આ પ્લોટ પર દીવાલ બાંધી દઈ પ્લોટનો કેટલોક ભાગનો કબજો કરી લીધો છે. જેથી છેલ્લા કેટલાક સમયથી વિવાદ ચાલી રહ્યો છે. આ અંગે ભાજપના પૂર્વકોર્પોરેટર પવારે મુખ્યમંત્રીને પત્ર લખી જમીન પરત લેવા માંગણી કરી હતી. તે બાદ કોર્પોરેશનની માલિકીની જમીન પચાવી પાડનાર યુસુફ પઠાણ સામે કોર્પોરેશનની સભામાં સયાજીગંજના ધારાસભ્ય કેયૂર રોકડિયા, વોર્ડ નં-૧૦ના કોર્પોરેટર નીતિન દોંગા સહિત કોંગ્રેસના કોર્પોરેટરોએ પણ યુસુફ પઠાણ પાસેથી જમીનનું ભાડુ વસૂલ કરવા જણાવ્યું હતું તેમ છતાં આજદિન સુધી કોર્પોરેશને ભાડૂ વસૂલ કર્યું નથી.

૮૪ તાલુકામાં ૪૦ ઈંચથી વધુ, કુલ ૮૩૫૭ લોકોનું સ્થળાંતર

# ગુજરાતમાં આ વર્ષે સિઝનનો ૧૦૬ ટકા વરસાદ થયો

## કચ્છના ભચાઉમાં ૪.૧૩ ઈંચ અને નખત્રાણામાં ૩.૫૮ ઈંચ વરસાદ વરસ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર,

ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી ભારેથી અતિભારે વરસાદી માહોલ જામ્યો છે.

જેમાં કચ્છ અને ઉત્તર ગુજરાતના જિલ્લામાં ધોધમાર વરસાદના કારણે નદી-નાળા, ડેમ છલકાયા છે, તો અતિભારે વરસાદને પગલે જનજીવન ખોરવાયું છે. જ્યારે રાજ્યના ૩૯૨ રસ્તા વાહન વ્યવહાર માટે બંધ કરાયા છે. તમને જણાવી દઈએ કે, રાજ્યમાં આ વર્ષે સિઝનનો ૧૦૬ ટકા વરસાદ ખાબક્યો છે. ગુજરાત સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર મુજબ(SEOC), આજે સોમવારે જાહેર કરાયેલા ચોમાસુ-૨૦૨૫ રિપોર્ટ પ્રમાણે આ વર્ષે સિઝનનો ૯૪૩ મિ.મી. વરસાદ ખાબક્યો છે. જેમાં રાજ્યના ૨૪ તાલુકામાં ૨૫૧થી ૫૦૦ મિ.મી., ૧૪૩ તાલુકામાં ૫૦૧થી ૧૦૦૦ મિ.મી. અને ૮૪ તાલુકામાં ૧૦૦૦ મિ.મી.થી વધુ વરસાદ ખાબક્યો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૨૨ તાલુકામાં વરસાદ વરસ્યો છે. જેમાં આજે સવારે ૬ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધીમાં કચ્છના લખપતમાં ૫.૧૨ ઈંચ, રાપરમાં ૪.૭૨ ઈંચ, બનાસકાંઠાના ભાભરમાં ૪.૨૯ ઈંચ, કચ્છના ભચાઉમાં ૪.૧૩ ઈંચ અને નખત્રાણામાં ૩.૫૮ ઈંચ વરસાદ વરસ્યો છે.

ગુજરાતના ૨૦૬ ડેમમાંથી ૧૩૨ ડેમ હાઈ એલર્ટ, ૧૯ એલર્ટ અને ૧૪ ડેમને લઈને વોર્નિંગ જાહેર કરી છે. જેમાં ૧૦૧ જેટલાં ડેમ ૧૦૦ ટકા ભરાયા છે. જ્યારે ૬૪ ડેમ ૭૦થી ૧૦૦ ટકા જેટલા ભરાયા છે. તેમજ નર્મદા ડેમની સ્થિતિની વાત કરીએ તો તે ૯૧ ટકા ભરાયો છે. ગુજરાત SEOCના આંકડા મુજબ, ગત ૧ જૂન, ૨૦૨૫થી આજે ૮ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધીમાં ચોમાસાની સિઝનમાં અતિભારે વરસાદને લઈને રાજ્યમાં કુલ ૮૩૫૭ લોકોનું સ્થળાંતર કરાયું છે, જ્યારે આપત્તિજનક સ્થિતિમાં ૧૧૫૪ લોકોનો બચાવ કરવામાં આવ્યો છે.

પાણીમાં ગરકાવ થવાથી વાહનચાલકો માટે બંધ કરી દેવાયા

# ઘોઘંબામાં મેઘમહેર, કરાડ ડેમ છલકાયો; ૨૪ ગામોને એલર્ટ, અનેક રસ્તાઓ બંધ

## સતત વરસાદને પગલે તાલુકાનો કરાડ ડેમ તેની ૧૪૨ ફૂટની ભયજનક સપાટીએ પહોંચ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)પંચમહાલ,

પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકામાં છેલ્લા ચાર દિવસથી પડી રહેલા ભારે વરસાદને કારણે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. સતત વરસાદને પગલે તાલુકાનો કરાડ ડેમ તેની ૧૪૨ ફૂટની ભયજનક સપાટીએ પહોંચ્યો છે, જેના પરિણામે વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. વહીવટી તંત્ર દ્વારા ડેમના નીચેના વિસ્તારોમાં આવેલા ૨૪થી વધુ ગામોને સાવચેત રહેવા સૂચના આપી દેવામાં આવી છે. આ ગામોમાં રહેતા નાગરિકોને સલામત સ્થળે ખસી જવા અને કોઈપણ કટોકટીની પરિસ્થિતિનો સામનો કરવા માટે તૈયાર રહેવા જણાવાયું છે.વરસાદ અને ડેમમાં પાણીની આવક વધવાને કારણે અનેક માર્ગો પર વાહનવ્યવહાર ખોરવાઈ ગયો છે. બોરીયા-મઠ જેકનપુરા રસ્તો પાણીમાં ગરકાવ થવાથી વાહનચાલકો માટે બંધ કરી દેવાયો છે. લોકોને હવે રાજગઢ તરફથી લાંબો વૈકલ્પિક રસ્તો લેવાની ફરજ પડી રહી છે. ઉપરાંત, ધનેશ્વર અને નવાકુવા વિસ્તારના ક્રોસ વે પર પણ પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર થંભી ગયો છે.સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા બોરીયા અને મઠ જેકનપુરા પુલ પર બે ફૂટથી વધુ પાણી ફરી વળ્યું હોવાથી લોકોને આ રસ્તાનો ઉપયોગ ન કરવાની અપીલ કરવામાં આવી છે. તંત્ર દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને જરૂર પડે તો તાત્કાલિક રાહત અને બચાવ કામગીરી હાથ ધરવા માટે તૈયારીઓ કરવામાં આવી છે

# જામનગરમાં કેક કાપીને તંત્રની કામગીરીનો અનોખો વિરોધ કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર,

સામાન્ય રીતે લોકો પોતાનો કે કોઈ મિત્ર, સ્વજનનો જન્મદિવસ હોય અથવા ઉજવણી કરવાની હોય ત્યારે કેક કાપી ઉજવણી કરતા હોય છે, પરંતુ જામનગર શહેરના વોર્ડ નંબર ૧૨ના સ્થાનિક કોર્પોરેટરોએ ખરાબ રોડ રસ્તાને ૫-૫ વર્ષ થઈ ગયા હોવા છતાં તંત્ર દ્વારા કોઈપણ જાતનું રોડ પર કામકાજ ના કરવામાં આવતા રોડને પાટાપિંડી કરી કેક કાપીને વિરોધ નોંધાવ્યો છે.

જામનગર શહેરમાં ઘણા લાંબા સમયથી શહેરના દરબારગઢથી લઈ અન્નપૂર્ણા સર્કલ સુધી રોડ-રસ્તા બિસ્માર હાલતમાં છે. આ રોડ પરથી અંદાજે દરરોજ ૫,૦૦૦થી વધુ લોકો અવર જવર કરતા હોય છે. બીજી તરફ રાત્રિના સમયે ઘણી વખત લોકો આ ખાડામાંથી પસાર થતી વખતે અકસ્માતનો ભોગ બને છે અને ખાડામાં પડે છે. જેના કારણે ઘણા લોકો ઈજાગ્રસ્ત પણ થાય છે. સ્થાનિક નગર સેવકો દ્વારા આ બાબતે ઘણી વખત રજૂઆત કરવામાં આવી છે તેમ છતાં તંત્ર આંખ આડા કાન કરી રહ્યું હોય તેવા આક્ષેપ સ્થાનિક અને નગરસેવકો દ્વારા કરવામાં આવ્યા છે. ત્યારે જામનગર મહાનગરપાલિકાના અધિકારીઓને કુંભકર્ણની નિદ્રામાંથી જગાડવા આજે વોર્ડ નંબર ૧૨ના કોર્પોરેટરોએ સ્થાનિક લોકોને સાથે રાખી રોડ પર પાટાપીંડી કરી ખાડા નગરી તરીકેની કેક કાપી એક અનોખો વિરોધ કર્યો હતો. જો આ રોડ રસ્તા તાત્કાલિક રીપેર કરવામાં નહીં આવે તો આગામી સમયમાં ઉગ્ર રજૂઆત સાથે આંદોલનની ચીમકી નગરસેવકોએ ઉચ્ચારી છે.

# રાપર તાલુકામાં ૨ દિવસમાં ૧૭ ઈંચ વરસાદ ખાબકતાં રોડ-રસ્તા ધોવાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)કચ્છ,

કચ્છના રાપર તાલુકામાં ૨ દિવસમાં ૧૭ ઈંચ જેટલો વરસાદ ખાબકતાં અનેક વિસ્તારો ટાપુમાં ફેરવાઈ જવાની સાથે નદી-નાળા અને ડેમ, તળાવો છલકાતાં રોડ-રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા. આ દરમિયાન કેટલાક રસ્તાઓને વ્યાપક નુકસાન પહોંચવાના કારણે વાહન વ્યવહાર ઠપ્પ થઈ ગયો છે, ત્યારે આવી સ્થિતિમાં રાપર તાલુકાના ડાવરી ગામ પાસે રોડ તૂટતાં એક ૧૦૮ એમ્બ્યુલન્સ ફસાઈ હતી.

જોકે, સ્થળ પર હાજર ગામના લોકોએ અને પોલીસ તેમજ એમ્બ્યુલન્સના કર્મીઓએ મહિલા દર્દીને સ્ટ્રેચર પર ઉંચકીને પાણીનું વહેણ પાર કરાવ્યા બાદ ૧૧૨ની મદદથી સમયસર હોસ્પિટલે પહોંચાડવામાં સફળતા મેળવી હતી. નોંધનીય છે કે ધોળાવીરાને રાપર સાથે જોડતાં મુખ્ય માર્ગ પર ડાવરી ગામ પાસે રોડ તૂટતાં ખડીર વિસ્તારમાંથી આવતી એમ્બ્યુલન્સ અટકી હોવાની જાણકારી મળતાં ડાવરી અને ખારસર વાંઢના લોકો મદદ માટે દોડી ગયા હતા અને મહિલા દર્દી સ્ટ્રેચર પર લઈને પાણીનું વ્હેણ પાર કરાવવામાં મદદરૂપ બન્યા હતા. પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારનો સંપર્ક સાધતા તેમણે જણાવ્યું હતું કે વાગડ પંથકમાં ભારે વરસાદ વરસ્યો છે. જેથી નદી, કોઝવે સહિતના સ્થળોએ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સ્થાનિક પોલીસ દ્વારા બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે તેમજ લોકોને પણ આવા સ્થળે ન જવા સૂચના આપવામાં આવી રહી છે. આ દરમિયાન પોલીસ નાગરિકોને મદદરૂપ બનવાના તમામ પ્રયાસ કરી રહી છે.

કચ્છના રાપરના માનગઢ ગામના ૨૦ લોકોનું શેલ્ટર હોમમાં સ્થળાંતર કરાયું છે. ભારે વરસાદના લીધે ચિત્રોડ-રાપર-બાલાસર નેશનલ હાઈવે બંધ કરવામાં આવ્યો છે. વરસાદના કારણે પૂર્વ કચ્છમાં ૫૬ વીજપોલને નુકસાન થયું છે અને ૧૩૪ ફીડરને અસર થઈ છે. પશ્ચિમ કચ્છમાં ૧૧૭ ફીડર અસરગ્રસ્ત થયા છે. વરસાદના કારણે પૂર્વ કચ્છમાં ૧૮ ગામ તથા પશ્ચિમ કચ્છના ૨૦ ગામના વીજપુરવઠાને અસર થઈ છે. હાલમાં વરસાદને લઈને લોકોને સાવચેતી રાખવા માટે તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે અને અજાણ્યા રસ્તાઓ કે જગ્યાઓ પર ના જવા માટે સૂચના આપવામાં આવી છે.

# અંકલેશ્વરના ગ્રામ્ય વિસ્તારમાં નર્મદા નદીના પાણી ફરી વળ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)અંકલેશ્વર,

ગુજરાતમાં તથા ઉપરવાસમાં પડેલા સતત વરસાદના કારણે નર્મદા ડેમમાંથી પાણી છોડવામાં આવી રહ્યું છે, જેથી નર્મદા નદી બે કાંઠે વહી રહી છે. કાંઠા ગામોના લોકોને સાવચેત રહેવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સૂચના આપવામાં આવી છે. તો બીજી તરફ અંકલેશ્વરમાં નર્મદા નદીમાં આવેલાં પૂરના પાણીથી તારાજી સર્જાઈ છે. નદી કાંઠા વિસ્તારના ગામોમાં નર્મદા નદીના પાણી ફરી વળ્યા છે. અંકલેશ્વરમાં નર્મદા નદીના કાંઠે આવેલા સરફુદીન, બોરભાઠા સહિત ૧૪ ગામોમાં પૂરની સ્થિતિને ધ્યાનમાં રાખીને એલર્ટ જાહેર કરવામાં આવ્યા હતા. ઉપરવાસમાંથી સતત પાણીની આવકને કારણે નર્મદા નદીની સપાટીમાં વધારો થઈ રહ્યો છે. આ ઉપરાંત માંડવા બુઝર્ગથી લઈને ગોલ્ડનબ્રિજ સુધીના પટમાં આવેલા ૫થી વધુ ગામોની સીમમાં નર્મદાના પાણી પ્રવેશ્યા હતા. જે ખેતરમાં ઊભા પાક પર ફરી વાળવા સાથે ઊભા પાકને નુકસાન થયું છે. કાંસીયા, માંડવા, છાપરા, અંદાડા, ગડખોલ, નૌગામા સહીતના ગામોમાં નર્મદાના પાણી ફરી વળ્યા હતા.

# કચ્છમાં ભારે વરસાદને કારણે મેવાસાનો ડેમ તૂટ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)કચ્છ,

ગુજરાતમાં આજે કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં વરસાદે તારાજી સર્જી છે.

કચ્છમાં ભારે વરસાદને કારણે મેવાસાનો ડેમ તૂટ્યો છે. ડેમમાંથી મોટા પ્રમાણમાં પાણી વહેતુ થયું છે. જેના કારણે ગાગોદર નદીની આસપાસ રહેતા લોકોને એલર્ટ રહેવા સૂચના આપવામાં આવી છે. લોકોને અન્ય જગ્યાએ સ્થળાંતર કરવા સૂચના આપવામાં આવી છે. ડેમમાંથી વહેતા પાણીનો પ્રવાહ ખૂબજ ભયાનક હોવાથી લોકોને સ્થળ છોડી દેવા સૂચના અપાઈ છે.

કચ્છમાં ભારે વરસાદને કારણે અંજારને ટપ્પર ડેમ એવરફલો થયો છે. ટપ્પર ડેમના સાત દરવાજા ખોલવામાં આવ્યાં છે. પાણી છોડાતા નીચાણ વાળા વિસ્તારોને એલર્ટ કરાયા છે. આ ઉપરાંત સામખિયાળીમાં ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયાં છે. સામખિયાળી ટોલ અને પોલીસ સ્ટેશન પાણીમાં ગરકાવ થઈ ગયું છે.

ભુજના હમીરસર તળાવમાં નવા નીર આવતાં તળાવની આસપાસ પોલીસનો બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. હમીરસર તળાવ ઓવરફ્લો થવાની તૈયારીમાં છે.

પાણી ભરાયેલા વિસ્તારની લીધી મુલાકાત

# બનાસકાંઠા કલેક્ટર અને એસપી ટ્રેક્ટરમાં બેસીને લોકો સુધી પહોંચ્યા

## વીજપુરવઠો ફરી કાર્યરત કરવા ટીમો તૈયાર છે, જિલ્લામાં NDRF અને SDRFની ટીમો તૈનાત, રેસ્ક્યુ કામગીરી તેજ કરાઈ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)બનાસકાંઠા,

બનાસકાંઠામાં ૫૦૦થી વધુ લોકોનું સ્થળાંતર, રસ્તા ધોવાણથી ૧૩ જેટલા ગામડા સંપર્ક વિહોણા બન્યા છે, ૧.૫૦ લાખ ફૂડ પેકેટ અસરગ્રસ્ત નાગરિકો સુધી પહોંચાડાશે અને ૨૫૮ વીજળીના થાંભલા નુકસાનગ્રસ્ત, ૨૭૯ ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો અને વીજપુરવઠો ફરી કાર્યરત કરવા ટીમો તૈયાર છે, જિલ્લામાં NDRF અને SDRFની ટીમો તૈનાત, રેસ્ક્યુ કામગીરી તેજ કરાઈ છે.

છેલ્લા ૨૮ કલાક દરમિયાન બનાસકાંઠા જિલ્લાના સરહદી તાલુકાઓમાં ભારે વરસાદ નોંધાયો છે. પવન સાથે ભારે વરસાદમાં ચારે તરફ વરસાદી પાણી જોવા મળી રહ્યું છે. સરહદી સુઈગામ, ભાભર, વાવ અને થરાદ તાલુકામાં ભારે વરસાદ નોંધાયો છે. બનાસકાંઠા જિલ્લા કલેક્ટર મિહિર પટેલની અધ્યક્ષતામાં આજરોજ પ્રાંત કચેરી, થરાદ ખાતે ડિઝાસ્ટરની ઉચ્ચ લેવલની બેઠક યોજાઈ હતી. જિલ્લા કલેક્ટરે સબંધિત અધિકારીઓને ભારે વરસાદ દરમિયાન જરૂરી તમામ પગલા લેવા સૂચનાઓ આપી હતી. કલેક્ટર મિહિર પટેલે જણાવ્યું કે, છેલ્લા ૨૮ કલાક દરમિયાન વાવ અને થરાદ તાલુકામાં ૧૩ ઈંચ, ભાભરમાં ૧૬ ઈંચ, સુઈગામમાં ૧૭ ઈંચથી ભારે વરસાદ નોંધાયો છે. વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને આજે ૮ સપ્ટેમ્બરના રોજ જિલ્લાની તમામ શાળાઓ, આંગણવાડીઓ તથા તમામ શૈક્ષણિક સંસ્થાઓને બંધ રખાઈ છે. કલેક્ટરે જણાવ્યું કે, હાલમાં ૫૦૦ જેટલા લોકોનું સ્થળાંતર કરાયું છે. વાવ, થરાદ, ભાભર અને સુઈગામ તાલુકાઓમાં વધુ અસરગ્રસ્ત ૧૩ જેટલા ગામડા હાલ સંપર્ક વિહોણા બન્યા છે. જિલ્લા વહીવટી તંત્ર અને બનાસ ડેરીના સહયોગથી અત્યાર સુધી ૧.૫૦ લાખ જેટલા ફૂડ પેકેટ બનાવવામાં આવ્યા છે. આ ફૂડ પેકેટ વરસાદી પાણી ભરાવવાના કારણે જે લોકો ફસાયા છે તેમને વિતરણ કરાશે.કલેક્ટરે જણાવ્યું કે, ભારે પવન સાથે પડેલા વરસાદથી ૨૫૮ જેટલા વીજળીના થાંભલાને નુકસાન થયું છે. હાલમાં ૨૭૯ જેટલા ગામડાં છે જેમાં વીજળી નથી તે મરામત કરીને વીજળી પાછી લાવવા માટે તમામ ટીમોને સૂચના આપવામાં આવી છે. હાલમાં ૬ જેટલા પશું મૃત્યુ નોંધાયેલ છે. વરસાદનું પાણી ઉતર્યા બાદ ચોક્કસ પરિસ્થિતિનો વધુ ખ્યાલ આવી શકશે. ભારે વરસાદને પગલે રસ્તાઓનું પણ ધોવાણ થયું છે. માર્ગ અને મકાન વિભાગ પંચાયતના કુલ ૮ અને માર્ગ અને મકાન વિભાગ રાજ્યના કુલ ૫ મળી કુલ ૧૩ જેટલા રસ્તાઓનું ધોવાણ થતા ૧૩ જેટલા ગામડાઓ સંપર્ક વિહોણા થયા છે. જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા પોલીસ અધિક્ષક સહિત જિલ્લાના તમામ ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક પૂર્ણ કરાઈ છે. તમામ વિભાગને એલર્ટ કરીને સૂચનાઓ આપવામાં આવી છે. ભારે વરસાદને પગલે ફસાયેલા લોકોનું રેસ્ક્યુ કરવા માટે સૂચના આપવામાં આવી છે. જિલ્લામાં ૧ NDRF અને ૨ SDRFની ટીમ તૈયાર છે. આ ઉપરાંત વધુ એક ૧ NDRF અને ૨ SDRF ની ટીમ સરકાર દ્વારા મોકલવામાં આવી છે. જિલ્લા કલેક્ટરે નાગરિકોને નદી કાંઠા અને નીચાણવાળા વિસ્તારમાં ના જવા તથા વહીવટી તંત્ર તરફથી આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવા અનુરોધ કર્યો છે.

સરકારી કર્મચારીની સંડોવણી ખુલે તેવી શક્યતા

# આવકના ખોટા દાખલા બનાવનાર કૌભાંડનો પર્દાફાશ

## આરોપીઓની સાથે કોઈ ઓપરેટર અથવા સરકારી કર્મચારીની સંડોવણી પણ ખુલી શકે છે જે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ,

સરકારી યોજનાનો લાભ મેળવવા માટે આવકના ખોટા દાખલા બનાવનાર કૌભાંડનો પર્દાફાશ થયો છે. રામોલ પોલીસે બે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

આરોપીઓ છેલ્લા બે વર્ષથી બનાવટી આવકના દાખલા બનાવતા હતા. જોકે આરોપીઓની સાથે કોઈ ઓપરેટર અથવા સરકારી કર્મચારીની સંડોવણી પણ ખુલી શકે છે. જે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદની રામોલ પોલીસે બંને આરોપીઓ ધીરજ રાજપુત અને કિશોર પ્રજાપતિની આ મામલે ધરપકડ કરી છે. આરોપીઓ વસ્રાલ ગામ પંચાયતની સામે હેતાંશી ઓનલાઈન નામે દુકાન ધરાવી ઓનલાઈન ફોર્મ ભરવા સહિતના કામ કરે છે.

પરંતુ તેની આડમાં બનાવટી આવકના દાખલા બનાવતા હતા એટલે કે ?૪,૦૦,૦૦૦થી વધુ આવક ધરાવતા લોકોને સરકારી યોજનાનો લાભ મળી રહે તે માટે ઓછી આવક બતાવી આવકના ઓનલાઈન દાખલા બનાવી આપતા હતા.

જે અંગેની માહિતી મળતા રામોલ પોલીસે દુકાનમાં તપાસ કરતા ૨૦ જેટલા આવકના ખોટા દાખલા ઉપરાંત, આવકના દાખલા મેળવનાર લોકોના આધાર કાર્ડ અને ડોક્યુમેન્ટ કબ્જે કર્યા છે. જોકે આ ગુનામાં હજુ એક આરોપી દીપક આહીર ફરાર છે. તેની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

બનાવટી આવકના દાખલા બનાવતા આરોપીઓની ધરપકડ કરી પૂછપરછ કરતા હકીકત સામે આવી કે આરોપીઓ ૧૦૦૦થી ૧૨૦૦ રૂપિયામાં ઓછી આવક બતાવી દાખલા બનાવી આપતા હતા. જેમાંથી ૪૦૦ રુપિયા આરોપી પોતે રાખતા અને અન્ય રકમ બીજા આરોપીને સોંપી દેતા હતા. જે માટે માત્ર ઓનલાઈન પ્રોસિજર કરી આવકના દાખલાને ઓનલાઈન એપ્રુવલ મેળવી લેતા હતા. જે આવકના દાખલાનો ઉપયોગ આયુષ્યમાન યોજનાના કાર્ડ બનાવવા ઉપરાંત અન્ય સરકારી લાભો મેળવવા માટે થતો હોવાનો સામે આવ્યું છે.

પોલીસને વર્ષ ૨૦૨૪ અને વર્ષ ૨૦૨૫ના અલગ અલગ નામના બનાવટી આવકના દાખલા મળ્યા છે. જેના આધારે પોલીસ શંકા સેવી રહી છે કે આરોપીઓ બે વર્ષમાં સંખ્યાબંધ લોકોને બનાવટી કાર્ડ બનાવી આપ્યા હશે.

આ ઉપરાંત આરોપીઓ માત્ર ઓનલાઈન એપ્રુવલ મેળવતા હોવાથી ઓપરેટર અથવા કોઈ સરકારી કર્મચારીની પણ સંડોવણી ખુલે તેવી શક્યતા વ્યક્ત કરી છે. બનાવટી આવકના દાખલા બનાવનાર આરોપી ઝડપાયા છે, પરંતુ આ બનાવટી દાખલાને ઓનલાઈન એપ્રુવલ કોણ અને ક્યાંથી આપતું હતું, આ ઉપરાંત ફરાર આરોપી દિપક આહીર સિવાય અન્ય કોણ કોણ આ રેકેટમાં સંડોવાયેલા છે તથા કોઈ સરકારી કર્મચારીની સંડોવણી સામે આવે છે કે કેમ તે જોવું મહત્વનું છે.

ખેડા-ધોળકા હાઈવે પર સાબરમતીના પાણી ફરી વળ્યા

# ખેડા-ધોળકા હાઈવે પર કેડસમા પાણી ભરાતા હાઈવે થયો બ્લોક

## ખેડાથી ધોળકા તરફના રાજ્ય ધોરીમાર્ગ રસીકપુરા પાસે પાણી ભરાતા રોડ બંધ કરવામાં આવ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ,

રાજ્યમાં ગઈકાલે એટલે કે ૭ સપ્ટેમ્બરે ભારે વરસાદ વરસ્યો છે. ત્યારે ખેડા જિલ્લામાં સાબરમતી નદીના પાણી ઘૂસ્યા છે. રસિકપુર, પથાપુરા ગામ પાણીમાં ગરકાવ થઈ ગયા છે. ગામમાં કમરસમા પાણી ભરાતા સ્થાનિકોને હાલાકી પડી રહી છે. રોડ-રસ્તા પર નદીના પાણી ફરી વળ્યા છે. રસ્તા પર નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. ખેડા-ધોળકા હાઈવે પર સાબરમતીના પાણી ફરી વળ્યા છે.

ખેડા ધોળકા હાઈવે પર કેડ સમા પાણી ફરી વળતા હાઈવે બ્લોક થયો છે. ખેડા-ધોળકા હાઈવે બ્લોક થતાં વાહનવ્યવહાર પણ થંભી ગયો છે. સાબરમતી નદીના પાણી રસિકપુરા, પથાપુરા, નાની કલોલી સહિતના ગામોમાં ફરી વળ્યા છે. ખેડાથી ધોળકા તરફના રાજ્ય ધોરીમાર્ગ રસીકપુરા પાસે પાણી ભરાતા રોડ બંધ કરવામાં આવ્યો છે. લોકો દ્વારા ગામના પશુ ધન હાઈવે પર બહાર કાઢવામાં આવ્યા છે. હાલમાં પથાપુરા ગામ જવાના રોડને બેરીકેટ્સ લગાવી બંધ કરવામાં આવ્યો છે. રસિકપુરા ગામના ભરવાડવાસમાં ઘરોમાં પાણી ભરાતા લોકોને મોટું નુકસાન થયું છે. ઢોરને ઘાસચારો નાખી શકાય તેવી સ્થિતિ પણ જોવા મળી રહી નથી.લોકોના અનાજ પણ પલળી જતા ભારે હાલાકી પડી રહી છે, જેના કારણે ખાવા માટે બહારથી આવતી સહાય પર લોકો નિર્ભર છે.